dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue - 61 | AD - 2024, Magashirsha Sud - 03 | Wednesday, Dt.04-12-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page - 08 Price : Rs.3-00

### વિદેશ મંત્રી એસ.જયશંકરે લોકસભામાં ભારત-ચીન સાથેના સરહદ વિવાદ અંગે નિવેદન આપ્યુ

# ભારત-ચીન સરહદ પર શાંતિ સ્થાપિત કરવાના પ્રયત્નો ચાલુ : એસ.જયશંકર

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે આજે લોકસભામાં ભારત-ચીન સંબંધો અને ચીન સાથેના સરહદ વિવાદ અંગે પોતાનું નિવેદન આપ્યું હતું. LACની વર્તમાન સ્થિતિ અને ચીન સાથે ભારતના સંબંધો અંગે વિદેશ મંત્રીએ લોકસભામાં કહ્યું કે સરહદ પર શાંતિ પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો ચાલુ છે. તેમણે કહ્યું કે એલએસી પર રાજદ્વારી પહેલને કારણે એલએસી પર પરિસ્થિતિમાં સુધારો થયો છે અને બંને પક્ષો પરિસ્થિતિ સુધારવા માટે પ્રતિબદ્ધ છે. કોઈપણ પક્ષ વર્તમાન પરિસ્થિતિ સાથે છેડછાડ કરશે નહીં અને ભારત અને ચીન ફક્ત સહમતીથી જ તમામ મુદ્દાઓ ઉકેલશે. તેમણે કહ્યું કે આજે સરહદ પર સ્થિતિ સામાન્ય થયા બાદ જ ચીન સાથે વાતચીત થઈ હતી. વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું કે એલએસીની પુનઃસ્થાપનાનો સંપૂર્ણ શ્રેય આપણા દેશની સેનાને જાય છે. તેમણે કહ્યું કે ભારત અને ચીન વચ્ચે એ વાત પર સહમતી બની છે કે યથાસ્થિતિમાં કોઈ એકપક્ષીય ફેરફાર નહીં થાય અને સાથે જ બંને દેશો વચ્ચેના જૂના કરારોનું પાલન કરવામાં આવશે. સરહદ પર શાંતિ વિના ભારત-ચીન સંબંધો સામાન્ય રહી શકે નહીં. એસ. જયશંકરે ૧૯૬૨ના સંઘર્ષનો ઉલ્લેખ કર્યો અને પાકિસ્તાન દ્વારા કબજે કરેલી ભારતીય જમીન ચીનને સોંપવાનો પણ ઉલ્લેખ કર્યો. ગલવાન ઘટના બાદ એલએસી પર ચાલી રહેલા તણાવનો ઉલ્લેખ કરતા એસ. જયશંકરે કહ્યું કે તે સમયે પેટ્રોલિંગ બંધ કરી દેવામાં આવ્યું હતું.



વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું કે, મેં ચીનના વિદેશ મંત્રી સાથે વાત કરી છે, રક્ષા મંત્રીએ પણ ચીનના સંરક્ષણ મંત્રી સાથે વાત કરી છે. આસિયાન સંમેલનમાં ભારત અને ચીનના સંરક્ષણ પ્રધાનો પણ મળ્યા હતા. તે મિટિંગમાં કહેવામાં આવ્યું હતું કે બંને તરફથી એલએસીનું સન્માન કરવું જોઈએ. પૂર્વી લદ્દાખમાં સંપૂર્ણ છૂટકારો થઈ ગયો છે, અમારું ધ્યાન તંગ વિસ્તારોમાં છૂટા પાડવા પર છે. વિદેશ મંત્રીએ પોતાના નિવેદનમાં બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન દ્વારા બનાવવામાં આવેલા રસ્તા અને ટનલનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે સરકાર સરહદની સુરક્ષા માટે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે. રાષ્ટ્રીય સુરક્ષા અમારા માટે સર્વોપરી છે. એસ. જયશંકરે લોકસભાને સંબોધિત કરતા વધુમાં કહ્યું હતું કે ચીન સાથે અમારી વાતચીત ચાલી રહી છે. તેમણે કહ્યું કે ૨૦૨૦ થી ભારત અને ચીન વચ્ચેના સંબંધો અસામાન્ય છે, જ્યારે ચીનની કાર્યવાહીથી સરહદી વિસ્તારોમાં શાંતિ ભંગ થઈ હતી. સતત રાજદ્વારી ભાગીદારીને પ્રતિબિંબિત કરતી તાજેતરની ઘટનાઓએ ભારત-ચીન સંબંધોમાં કેટલાક સુધારા તરફ પ્રયાણ કર્યું છે. એસ. જયશંકરે કહ્યું કે એપ્રિલ-મે ૨૦૨૦માં પૂર્વી લદ્દાખમાં ચીની સૈનિકોના એકત્રીકરણને કારણે ઘણા મુદ્દાઓ પર સંઘર્ષ થયો. અમે સરહદી મુદ્દાના નિરાકરણ માટે વાજબી અને પરસ્પર સ્વીકાર્ય માળખા સુધી પહોંચવા માટે ચીન સાથે કામ કરવા માટે પ્રતિબદ્ધ છીએ. ચીનના મુદ્દા પર લોકસભામાં બોલતા એસ. જયશંકરે કહ્યું કે હવે એલએસી પર સ્થિતિ સામાન્ય છે, પરંતુ તેમ છતાં અમારી સેના તૈયાર છે. સરહદ પરના મુદ્દાઓ સંમતિથી જ ઉકેલાશે, પરંતુ આ માટે સમજૂતીઓનું સંપૂર્ણ પાલન કરવું જરૂરી છે. કોઈપણ પક્ષ પરિસ્થિતિ સાથે છેડછાડ કરશે નહીં. જયશંકરે કહ્યું, 'હું ગૃહને ભારત-ચીન સરહદી વિસ્તારોમાં તાજેતરમાં થયેલા કેટલાક વિકાસ અને આપણા સમગ્ર દ્વિપક્ષીય સંબંધો પર તેની અસર વિશે જણાવવા માંગુ છું. ગૃહને ખબર છે કે ૨૦૨૦ થી આપણા સંબંધો અસામાન્ય છે, જ્યારે ચીનની કાર્યવાહીના પરિણામે સરહદી વિસ્તારોમાં શાંતિ અને સંવાદિતા ખોરવાઈ ગઈ હતી. ત્યારથી અમારા સતત રાજદ્વારી જોડાણને પ્રતિબિંબિત કરતી તાજેતરની ઘટનાઓએ અમારા સંબંધોને કેટલાક સુધારાના માર્ગ પર સ્થાપિત કર્યા છે.

### ભાજપ માટે 'એક સાંધે ત્યાં તેર તૂટે' જેવી સ્થિતિ

# શિંદે ભાજપ સાથે સહમત તો હવે અજિત પવારે નાક દબાવ્યું

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૩

મહારાષ્ટ્રમાં ગૃહ મંત્રાલય ભાજપ પાસે રહેશે એટલે કે દેવેન્દ્ર ફડણવીસ, શિંદે આ માટે સંમત થયા છે અને તેમની પાર્ટી શિવસેનાને હવે શહેરી વિકાસ મંત્રાલય આપવામાં આવશે. આ પછી હવે અજિત પવાર મક્કમ છે કે તેમને પણ શિંદેની શિવસેના જેવો વિભાગ જોઈએ છે. તમને જણાવી દઈએ કે નવી સરકારના શપથ ગ્રહણ સમારોહનું આયોજન ૫ ડિસેમ્બરે મહારાષ્ટ્રના આઝાદ મેદાનમાં કરવામાં આવશે. આ પહેલા ૪ ડિસેમ્બરે મુંબઈમાં બીજેપી વિધાયક દળની બેઠક મળશે. આમાં ઔપચારિક રીતે નેતાની પસંદગી કરવામાં આવશે. ચંદ્રશેખર બાવનકુલેના બંગલે આજે મહાયુતિના નેતાઓની બેઠક મળી હતી આ બેઠકમાં બાવનકુલે, ગિરીશ મહાજન, પ્રવીણ દરેકર, શિવસેનાના ગુલાબરાવ પાટીલ, એનસીપીના અનિલ પાટીલ બેઠકમાં હાજર રહ્યાં હતાં. બેઠકમાં મુખ્યમંત્રી અને કેબિનેટ મંત્રીઓના શપથ સમારોહની તૈયારીઓ પર ચર્ચા કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, એકનાથ શિંદે નારાજ છે,



તેમના બીમાર હોવાના અહેવાલો પણ છે. કહેવામાં આવી રહ્યું છે કે સીએમ અને ડેપ્યુટી સીએમના નામ ફાઈનલ થઈ ગયા છે. જ્યારે દેવેન્દ્ર ફડણવીસ સીએમ, એકનાથ શિંદે અને અજિત પવાર ડેપ્યુટી સીએમ હશે. હવે આ તો આજે એટલે કે ૪ ડિસેમ્બરે જ ખબર પડશે પરંતુ તે પહેલા અટકળો ચાલી રહી છે. તમને જણાવી દઈએ કે એકનાથ શિંદેના પુત્ર શ્રીકાંત શિંદેએ પહેલા જ જાહેરાત કરી દીધી છે કે હું ડેપ્યુટી સીએમની રેસમાં પણ નથી. તેમણે કહ્યું છે કે હું પાર્ટી અને મહારાષ્ટ્રની જનતાની સેવા કરતો રહીશ. જો કે, એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે રાજ્યની રાજકીય ગતિવિધિઓમાં ઘણા ઉતાર-ચઢાવ આવવાની શક્યતા છે. કારણ કે આ પહેલા પણ ભાજપ સીએમના નામને લઈને લીધેલા નિર્ણયોથી આશ્ચર્યચકિત થઈ રહ્યું છે, કેટલાક લોકો કહી રહ્યા છે કે ભાજપ મહારાષ્ટ્રમાં પણ સરપ્રાઈઝ આપી શકે છે. આવી સ્થિતિમાં ભાજપના ધારાસભ્ય દળની બેઠક ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.







# કેરળમાં કાર-બસ વચ્ચે અકસ્માતમાં પાંચ ભાવિ ડોકટરોના કરુણ મોત



(એચ.એસ.એલ),કોચ્ચી,તા.૩

કેરળમાં ગઈકાલે રાત્રે એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો, જેમાં ૫ એમબીબીએસ વિદ્યાર્થીઓના મોત થયા હતા. બસ સાથે કાર અથડાતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર ૫ લોકોના મોત થયા હતા, જ્યારે બસમાં સવાર લોકો પણ ઘાયલ થયા હતા. રાહદારીઓએ બચાવ કામગીરી શરૂ કરી અને ઘાયલોને હોસ્પિટલ લઈ ગયા. પોલીસે ઘટનાસ્થળે આવીને મૃતદેહોનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. ક્ષતિગ્રસ્ત કારમાંથી મૃતદેહને બહાર કાઢવા પોલીસે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. બસ સાથે અથડાયા બાદ કાર કચડાઈ ગઈ હતી. આથી છત કાપીને મૃતદેહ બહાર કાઢવા પડ્યા હતા. કારમાં ૭ લોકો સવાર હતા, જેમાંથી પના મોત થયા હતા અને ૨ ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. રિપોર્ટ્સ અનુસાર કેરળના અલપ્પુઝામાં કાલાકોડ પાસે આ અકસ્માત થયો હતો. કાર કેરળ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસ સાથે અથડાઈ હતી. અકસ્માત કેમ અને કેવી રીતે થયો? પોલીસ હજુ સુધી આ વાત શોધી શકી નથી. પોલીસ ઘાયલોના નિવેદનની રાહ જોઈ રહી છે. મળતી માહિતી મુજબ, અકસ્માતમાં માર્યા ગયેલા વિદ્યાર્થીઓ અલપ્પુઝાની ટીડી મેડિકલ કોલેજમાં એમબીબીએસના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા હતા. મૃતકોની ઓળખ લક્ષદ્વીપના રહેવાસી દેવનંદન, મુહમ્મદ ઈબ્રાહિમ, આયુષ શાજી, શ્રીદીપ વલસન, મોહમ્મદ જબ્બાર તરીકે થઈ છે. પોલીસને આશંકા છે કે અકસ્માત લપસી જવાને કારણે થયો છે. ફેંગલ વાવાઝોડાને કારણે કેરળમાં છેલ્લા ૨ દિવસથી ભારે વરસાદ થઈ રહ્યો છે જેના કારણે અનેક જગ્યાએ લપસણા રસ્તાઓ જોવા મળી રહ્યા છે. કેરળ પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ કંટ્રોલ રૂમમાં એક ફોન આવ્યો હતો કે એક કાર અને બસ વચ્ચે ટક્કર થઈ છે. માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી તો તેમને કાર ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત જોવા મળી. પોલીસે તાત્કાલિક તેમાં સવાર લોકોને બહાર કાઢ્યા હતા.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
બુધવાર, તા.૦૪-૧૨-૨૦૨૪

દિલીપભાઈ સંઘાણી, અશ્વિનભાઈ સાવલીયા સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં

# સારહિ યુથ કલબ દ્વારા આયુષ્યમાન કાર્ડ, ઈ-કેવાયસી કેમ્પ યોજાયો





અમરેલી, તા.૦૩

ભારત સરકારની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ તબીબી સહિતની આવશ્યક સરકારી યોજનાઓની સરળ ઉપલબ્ધતા માટે આયુષ્યમાન વય વંદના કાર્ડ અને રેશનકાર્ડ ઈ-કેવાયસી પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે. આ પ્રક્રિયામાં વયોવૃધ્ધજનો કે જે ૭૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોય તેઓને નજીક સુવિધા પુરી પાડવા સારહી યુથ કલબ ઓફ અમરેલી અને તાલુકા હેલ્થ કચેરી-અમરેલી તરફથી શહેરમાં ઓમનગર કોમ્યુનિટી હોલ અને ગાયત્રી મંદિર પરિસર ખાતે કેમ્પ યોજાયો હતો, જેમાં ૩૫૦ વધુ લાભાર્થી આવ્યા હતા. ૧૨૬ લાભાર્થીઓને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના હસ્તે કાર્ડ વિતરણ કરવામાં આવેલ. આ તકે અશ્વિનભાઈ સાવલીયા, સારહી યુથ કલબના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, જયંતિભાઈ પાનસુરીયા, તુષાર જોષી, સંજયભાઈ રામાણી, વિશાલભાઈ ઠાકર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પને સફળ બનાવવા સુરેશભાઈ શેખવા અને રવિરાજભાઈ શેખવાએ જહેમત ઉઠાવી હતી.

## અમરેલીમાંથી સગીરાને લલચાવી ફોસલાવી ભગાડી જતાં પોલીસ ફરિયાદ

અમરેલી, તા.૦૩

અમરેલીમાં સગીરાના ભોળપણનો લાભ લઈ અનેક યુવાનો પોતાની મોહજાળમાં ફસાવી, લગ્ન કરવાની લાલચ આપી ભગાડી જવાના કિસ્સા પોલીસ ચોંપડે નોંધાઈ રહ્યા છે. આરોપીઓને કાયદાનો જાણે કોઈ ડર ન હોય તેમ સગીરાની ઉંમર જાણતા હોવા છતાં આવું કૃત્ય કરતા હોવાથી આવા લોકો સામે ફિટકાર વરસી રહ્યો છે. આવો જ એક બનાવ અમરેલી શહેરમાં બનવા પામ્યો છે. જેમાં અમરેલીનાં સંધી સોસાયટીમાં રહેતા એક પરિવારની સગીરા(ઉ.વ.૧૪)ને ગુજકો મીલ સામે રહેતો અર્જુનનાથ ભરતનાથ નાથજી સગીરાને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી ભગાડી જતા સગીરાના પરિવારે યુવક સામે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## કુંકાવાવ તાલુકામાં ટીબીના દર્દીઓને પોષણ કિટનું વિતરણ કરવામાં આવ્યું



અમરેલી, તા.૦૩

પ્રધાનમંત્રીની ટીબી મુક્ત ભારત યોજના અંતર્ગત પૌષ્ટિક આહાર માટે કુંકાવાવ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ટીબીના તમામ દર્દીઓને પોષણ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.જિલ્લા વિકાસ અધિકારી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા ક્ષય અધિકારી, ટીબી ડી.પી.સી., ટી.એચ.ઓ., સુપરવાઈઝરના માર્ગદર્શન હેઠળ કુંકાવાવ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર, મેલ સુપરવાઈઝર, સી.એચ.ઓ. તથા એમ.પી.એચ.ડબલ્યુ.ના સંયુક્ત પ્રયાસથી જાન્યુઆરી-૨૦૨૪થી હાલ સુધીના તમામ નોટિફાઈડ ક્ષય રોગના દર્દીઓને પોષણ કિટનું વિતરણ કરવામાં આવેલ. આ તમામ કામગીરીમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો. બલદાણીયાએ જહેમત ઉઠાવેલ હતી.

## લાલાવદરની સીમમાં ઝેરી દવાનો છંટકાવ કર્યા બાદ તમાકું ખાતા શ્રમિકનું મોત

અમરેલી, તા.૦૩

અમરેલી જિલ્લામાં શિયાળુ પાકનું ધૂમ વાવેતર થઈ રહ્યું છે ત્યારે પાકને બચાવવા માટે દવાનો છંટકાવ પણ જરૂરી હોય જેથી દવાનો છંટકાવ કરી રહેલા શ્રમિકને ઝેરી દવાની અસર થતાં મરણ થયું હોવાનું પોલીસ સ્ટેશનમાં નોંધાયું છે. શૈલેષ કાન્તી વાસકેલાએ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં જાહેર કર્યું છે કે, તેમના પિતા લાલાવદર ગામની સીમમાં ભુરાભાઈ ત્રિકમભાઈ કોરીયાની વાડીએ ધાણાનાં પાકમાં ઝેરી દવાનો છંટકાવ કરી હાથમાં તમાકું બનાવી ખાધેલ હોય જેથી ઝેરી દવાની અસર થતાં તાત્કાલિક અમરેલી ખાનગી દવાખાને ખસેડવામાં આવ્યા હતાં. જયાં સારવાર દરમિયાન શ્રમિક કાન્તી સબસીંહ વાસકેલા ગામ કોહીવાવ(મધ્યપ્રદેશવાળા) નું મોત નિપજયું હતું.

## દલખાણીયા ગામે પત્ની અંગે પૂછપરછ કરતા ૩ શખ્સોએ કુહાડીનો ઘા માર્યો

અમરેલી, તા.૦૩

એક કહેવત છે કે "જર, જમીનને જોરૂ ત્રણેય કજીયાનાં છોરૂં" આ કહેવતને સાર્થક કરતો કિસ્સો ધારી તાલુકાનાં દલખાણીયા ગામે બનવા પામ્યો છે. જેમાં અન્યની પત્નીને ભગાડી ગયા બાદ આ અંગે પૂછપરછ કરતાં ૩ શખ્સોએ મળી એક ઈસમને કુહાડીનાં ઘા મારી જાનથી મારી નાખવાની ધમકી આપી મુંઢમાર મારતા ઈસમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. વિસાવદર તાલુકાનાં જાંબુડા ગામે રહેતા જીલા અમશી ચારોલીયાએ ધારી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે ફરિયાદી સહિત બે શખ્સો આરોપી ભરત જેતુ વાઘેલા, ટપુ જેતુ વાઘેલા અને જેતુ વાઘેલાનાં ગામ દલખાણીયા ગામે જઈ કહેલ કે, તમારો ભાઈ પ્રેમજી અમારી સાથે આઠ મહિનાથી રહેતો હતો. જે ફરિયાદીની પત્ની જાનુને લઈ ભગાડી ગયેલ છે અને પ્રેમજી ફરિયાદીની પત્ની સાથે દલખાણીયા ગામે આવેલ છે. તેમ કહેતા જ આરોપીઓને સારૂં નહી લાગતા ફરિયાદી અને સાહેદને જેમફાવે તેમ ગાળો આપી ટપુ જેતુએ કુહાડીનો એક ઘા સાહેદનાં માથામાં મારતા તેમજ ભરત જેતુએ છરીનો એક ઘા સાહેદનાં ડાબા હાથ ઉપર મારતા ફરિયાદી બચાવવા જતાં તેમને પણ ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ફરિયાદી જીલા અમશીએ ત્રણ શખ્સો સામે ધારી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## ખાંભા યાર્ડના વેપારીની પ્રમાણિકતાથી ખેડૂતને કપાસ પરત મળ્યો

**યાર્ડના વેપારીની પ્રમાણિકતાની નોંધ લેવામાં આવી**



અમરેલી, તા.૦૩

આદસંગ ગામના ખેડૂત આજે વહેલી સવારે પોતાનો કપાસ વેચવા માટે ખાંભા માર્કેટ યાર્ડ ખાતે આવી રહ્યા હતા ત્યારે પોતાના વાહનમાંથી કપાસની ગાંસડી રસ્તામાં પડી ગઈ હતી. બરાબર આજ અરસામાં ખાંભા યાર્ડના વેપારી કામિલભાઈ બોઘાણીની ગાડી એ રસ્તે પસાર થતા તેમણે તે ગાંસડીને રસ્તામાં પડેલી જોઈને તરત જ ખાંભા યાર્ડના કર્મચારીને જાણ કરી હતી. કર્મચારીએ તપાસ કરતા જે તે ખેડૂતને તેમનો કપાસ પરત કરેલ. આમ યાર્ડના વેપારીની પ્રમાણિકતાની આ તકે નોંધ લેવામાં આવી હતી અને સહુએ પ્રશંસા કરી હતી.


અરોમા પ્રિમીયમ બોડી સ્પા
ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
ધમાકા ઓફર



લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પ્લેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ, અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા



ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ, વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com


### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૨૨૪/૨૦૨૪

અરજદાર :- શ્રી વંશ જીણાભાઈ ભીખાભાઈ
સરનામું :- મું.કડીયાળી, તા.જાફરાબાદ જી અમરેલી
હાલ રહે.હડમતીયા તા.તાલાળા જી.ગીરસોમનાથ

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - કડીયાળી
મું.કડીયાળી તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના કડીયાળી** ગામના શ્રી **વંશ જીણાભાઇ ભીખાભાઇ** એ તેમના **પિતા નામે સ્વ. શ્રી ભીખાભાઇ કાળાભાઇ વંશ નું મરણ તા.૦૮/૦૪/૧૯૭૯ નાં** રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **આઇ.આઇ.ગાહા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૨૯ માહે. નવેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૨૯/૧૧/૨૦૨૪
કોર્ટનો સિક્કો
સહી,
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ


મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?




મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

**વિકાસ ફંડ ભરી દીધા બાદ પણ પાલિકા સુવિધા આપવામાં નિષ્ફળ**

# બગસરાના મારૂતીધામ-૨ સોસાયટીના રહીશો પ્રાથમિક સુવિધાથી વંચિત

બગસરા,તા.૦૩

બગસરાના વોર્ડ નં.૧માં આવતી મારૂતીધામ-૨ સોસાયટીના રહીશોને પાલિકા તરફથી પ્રાથમિક સુવિધા આપવામાં ન આવતા વિસ્તારવાસીઓમાં ભારે રોષ ફેલાયો છે. બગસરામાં વોર્ડ નં.૧માં આવેલી મારૂતીધામ-૨ સોસાયટીમાં પાલિકા દ્વારા સ્ટ્રીટલાઈટ, પાણીની લાઈન, રોડ સહિતની કોઈપણ સુવિધા હજુ સુધી આપવામાં આવી નથી. જેના કારણે વિસ્તારવાસીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. આ અંગે રહીશોએ રોષ સાથે જણાવ્યું હતું કે, ૧૨ વર્ષ પહેલા વિસ્તારને પ્રાથમિક સુવિધા મળે તે માટે વિકાસ ફંડ ભરવામાં આવ્યું હતું જોકે આટલા વર્ષો વીતિ ગયા બાદ પણ પાલિકા દ્વારા આ વિસ્તારને કોઈ સુવિધા પુરી પાડવામાં આવી નથી. ચોમાસામાં આ વિસ્તારમાં ગોઠણસમા પાણી ભરાઈ જાય છે જેથી નોકરી-ધંધા પર જવુ પણ મુશ્કેલ બને છે. પ્રાથમિક સુવિધા આપવા અંગે અનેકવાર પાલિકામાં લેખીત રજૂઆત કરવામાં આવી છે આમ છતાં પાલિકા દ્વારા કોઈ કામગીરી કરવામાં આવતી નથી. પાલિકાની આવી નીતિને કારણે વિસ્તારવાસીઓમાં ભારે રોષ ફેલાયો છે.

# હરિકૃષ્ણ એક્સપોર્ટને મળ્યો "મોસ્ટ સોશિયલી રિસ્પોન્સિબલ કંપની" નો એવોર્ડ

અમરેલી,તા.૦૩




જયપુર ખાતે આયોજિત ૨૩મા જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના એવોર્ડ સમારોહમાં સુરતની પ્રખ્યાત હરિકૃષ્ણ એક્સપોર્ટને સામાજિક જવાબદારી માટેનો પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. જેમ્સ અને જ્વેલરી ક્ષેત્રના 'ઓસ્કાર' તરીકે ઓળખાતો આ એવોર્ડ કંપનીના તુલસીભાઈ ધોળકિયા અને બ્રિજેશ ધોળકિયાએ અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીના હસ્તે સ્વીકાર્યો હતો. પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાના માર્ગદર્શન હેઠળ ધોળકિયા ફાઉન્ડેશન અને હરિકૃષ્ણ એક્સપોર્ટે ૩.૨ મિલિયનથી વધુ વૃક્ષોનું વાવેતર, ૧૬૦થી વધુ તળાવોનું નિર્માણ અને કર્મચારીઓ માટે વિવિધ કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરી છે. કંપનીની આ સામાજિક પ્રતિબદ્ધતાને ધ્યાને લઈને આ પ્રતિષ્ઠિત એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ સિદ્ધિથી સમગ્ર પંથકમાં હર્ષની લાગણી છવાઈ હતી.

# જિલ્લામાં તાલુકા કક્ષાએ રવી કૃષિ મહોત્સવ યોજાશે

**રવી મહોત્સવના આયોજનને લઈ કલેકટરે સૂચનાઓ આપી**

અમરેલી,તા.૦૩



અમરેલી જિલ્લાના તમામ ૧૧ તાલુકામાં રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪ યોજાશે. રવી કૃષિ મહોત્સવના સુચારુ આયોજન માટે જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા સેવા સદન ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા કલેક્ટરે, તાલુકા કક્ષાના નોડલ અધિકારીઓને રવી કૃષિ મહોત્સવના આયોજન અંગે જરુરી દિશાનિર્દેશ આપ્યા હતા. રવી કૃષિ મહોત્સવ અંગે તાલુકા કક્ષાએ થયેલી કામગીરી વિશેની વિગતો મેળવી હતી.

રવી કૃષિ મહોત્સવ કાર્યક્રમમાં પાણી, કાયદો-વ્યવસ્થા સહિત જરુરી વ્યવસ્થાઓ બાબતે ઘટતું કરવા જણાવ્યું હતું. આ કાર્યક્રમ અંગેની વિગતો મળે અને કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શકે તે માટે સ્થાનિક સ્તરે પદાધિકારીઓ, ખેડૂતો, મહાનુભાવો અને જનપ્રતિનિધીઓને માહિતગાર કરવા અનુરોધ કર્યો હતો. સંબંધિત અધિકારીઓને ઈ-કેવાયસી અને ફાર્મર રજિસ્ટ્રેશન કામગીરી વધુ સઘન થાય અને દૈનિક રીતે તે અંગેની સમીક્ષા કરવા સૂચના આપી હતી. સમગ્ર બેઠકનું સંચાલન અને કાર્યક્રમની રુપરેખા આપતા અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારી કાનાણીએ કહ્યુ કે, રવી કૃષિ મહોત્સવમાં કૃષિ પરિસંવાદ, કૃષિ પ્રદર્શન, પશુ આરોગ્ય કેમ્પ, સેવાસેતુ કાર્યક્રમ જેવા વિવિધ કાર્યક્રમોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં બહોળી સંખ્યામાં જિલ્લાના ખેડૂતો ભાગ લેશે. આ ઉપરાંત મોડલ ફાર્મની મુલાકાતનો પણ અવસર મળશે.

# સા.કુંડલાની શાળાના વિદ્યાર્થીઓને ગરમ કપડાંનું વિતરણ

સાવરકુંડલા,તા.૦૩



સાવરકુંડલા સ્થિત ઓમકાર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મૂળરાજ ધર્મશી નેણશી પ્રાથમિક વિદ્યાલયે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે એક નવતર પહેલ કરી છે. શાળાના તમામ વિદ્યાર્થીઓને ગરમ કપડાં ઉપરાંત પુસ્તકો, સ્કૂલ ડ્રેસ, બૂટ-મોજાં અને સ્ટેશનરી સામગ્રીનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના સંચાલક પ્રો. કે.કે. જાનીના માર્ગદર્શન હેઠળ ગરીબ અને પછાત વિસ્તારના બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ આપવાના ધ્યેય સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી અને શહેર ભાજપ પ્રમુખ પ્રવિણભાઈ સાવજ સહિતના મહાનુભાવોએ હાજરી આપી હતી. શાળા પરિવારના જણાવ્યા અનુસાર, આ સેવાકીય પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓમાં હકારાત્મક પરિવર્તન જોવા મળી રહ્યું છે.

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

# ધારીનાં સરસીયા ગામના યુવકનો મોબાઈલ ચોરાયો

અમરેલી, તા.૦૩

અમરેલી જિલ્લામાં અનેકવાર મોબાઈલ કે અન્ય કિંમતી વસ્તુઓ પરત કરી લોકો પ્રમાણિકતાનું ઉદાહરણ પુરું પાડી રહ્યા છે. ત્યારે હજુ પણ અમુક ઈસમો રસ્તામાંથી મળેલ મોબાઈલ મૂળ માલિકને પરત કરવાના બદલે પોતાની પાસે રાખતા હોવાના બનાવ પણ વધવા પામ્યા છે. જેમાં ધારી તાલુકાનાં સરસીયા ગામના યુવક દિલીપ ચીથરભાઈ ખીમસુરીયાએ ધારી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે ગામમાં આવેલા ખોખરા મહાદેવ મંદિર પાસે રૂા.૧૦૦૦૦ની કિંમતનો મોબાઈલ ખિસ્સામાંથી પડી જતાં કોઈ અજાણ્યો ઈસમ મોબાઈલ ચોરી નાસી જતાં યુવકે ધારી પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે.

ઉત્સવ મીની મીલનું ફકત G20 ન અભિન (પલળીયા વગરની) સહપ્રનંદભાઈનું.... આપની નજર સામે જ....
G20 મગફળીનું અને તલનું તેલ ભરી આપીશું.
વડેરા-અમરેલી બન્ને જગ્યાએથી મળશે.
ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ)
સ્થળ: ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ) અમરેલી રાધેશ્યામ બાયપાસ ચોકડી ઉપર, અમરેલી
Mo. 94269 61006 | 98790 56605 | 99785 14133

શ્રી SMC મિતિયાળા પ્રાથમિક શાળા

**જાહેર હરાજી**

આથી જાહેર કરવામાં આવે છે કે શ્રી મિતિયાળા પ્રા.શાળા તા.જાફરાબાદ જી.અમરેલી ખાતે આવેલ સ્લેબવાળા રૂમ ૦૨(બે) અને ૦૧ (એક) પાણીની ટાંકી જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં તેનાં ઈમલાની જાહેર હરાજી તા.૧૦/૧૨/૨૦૨૪ ને મંગળવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે શાળા ખાતે રાખેલ છે તો રસ ધરાવતી પાર્ટીઓએ પથ્થર, બારીઓ અને દરવાજા ખસેડીને સ્લેબ વાળા કુલ ૦૨ રૂમ અને પાણીની ટાંકી ૦૧ ના ભોય તળિયા સુધી ચોખ્ખુ કરવાની જવાબદારી સ્વીકારવાની રહેશે. હરાજીમાં ભાગ લેનારે હરાજીની તારીખે સ્થળ ઉપર રૂપિયા ૧૫૦૦ અંકે(એક હજાર પાંચસો) પુરા ડિપોઝીટ પેટે ભરવાના રહેશે બાકીની અન્ય શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે જે હરાજીમાં ભાગ લેનાર તમામે માન્ય રાખવાની રહેશે.
નોંધ :- ઈમલાની અપસેટ પ્રાઈઝ રૂપિયા ૧૫૨૦૦ રાખેલ છે.

અધ્યક્ષ / આચાર્ય
SMC મિતિયાળા પ્રા.શાળા
તા.જાફરાબાદ જિ.અમરેલી
૩૬૫૫૪૦

ડાઈનીંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
SHREE HARI PVC FURNITURE
શ્રી હરી પીવીસી ફર્નિચર
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક: 9925084788 8200268079

અ.નં.૪૩૫/૨૦૨૪

**રાજુલાના મહે. તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ જજ સાહેબની કોર્ટમાં**

અરજદાર :- **લુણી દયાબેન નનાભાઇ**
ઉ.વ.આ :-૪૪, ધંધો :- ઘરકામ, ધર્મે :- હિન્દુ
રહે.ભેરાઇ, ઠે.પીપળા વાળી શેરી, તા.રાજુલા જી.અમરેલી
મો.નં.૯૯૨૪૨૪૩૭૧૬

**વિરૂધ્ધ**

સામાવાળાઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી શ્રી -
વ-
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી.
મું.ભેરાઇ, તા.રાજુલા, જિ.અમરેલી.

-:: **નોટીસ** ::-

આથી લાગતા વળગતા ઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **રાજુલા** તાલુકાના ભેરાઇ ગામનાં લુણી દયાબેન નનાભાઈ એ તેમના પુત્ર ગોપાલ નો જન્મ તા.૦૫/૦૫/૨૦૧૦ નાં રોજ ભેરાઇ મુકામે તેઓના રહેણાંકના સ્થળે જન્મ થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી કિર્તીભાઈ બી. પરમાર મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળા નાં જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઇને પણ વાંધો તકરાર હોઇ તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા..........ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે વાંધા સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૮ માહે ઓકટોબર સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સીકકા કરી આપ્યા.

**સ્થળ :- રાજુલા**
**તારીખ :-૧૮/૧૦/૨૦૨૪**

**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલકસ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુકિતધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665

**-//તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//-**

જન્મ નોંધ અરજી રજી.નં.૮૧/૨૦૨૪

**અરજદાર** :- (૧) શ્રી ડાયબેન બધાભાઈ ભાસ્કર
રે. હરિપર તા.લીલીયા, જી. અમરેલી
(૨) અરજદારના શોભિનીબેન બી. વોરા
ઠે.ન્યાયિકા કાનુની સહાય કેન્દ્ર. અમરેલી, જુનુ માર્કેટ યાર્ડ, સિધ્ધિ વિનાયક શોપીંગ સેન્ટર,દુકાન.૪૧/૪૨ અમરેલી,મો.૯૦૧૬૪૦૫૩૬૮

-: **વિરૂધ્ધ** :-

**સામાવાળા** :- તલાટી કમ મંત્રી - વ - જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી,હરિપર, તા.લીલીયા,જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના હરિપર ગામના રહીશ શ્રી ડાયબેન બધાભાઈ ભાસ્કરએ તેમના પુત્રી જયાબેન બધાભાઈ ભાસ્કરનો જન્મ હરિપર મુકામે તા.૦૧/૦૧/૧૯૬૦ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી ડાયબેન બધાભાઈ ભાસ્કરના પુત્રીના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૬૦ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૧/૧૨/૨૦૨૪ના રોજ ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૭ /૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

તંત્રી લેખ

# બાંગ્લાદેશમાં અરાજકતાની આગ

શેખ હસીનાની સરકારના પતન બાદ બાંગ્લાદેશ હાલ ૧૯૭૧ બાદની સૌથી મોટી અરાજકતાનો સામનો કરી રહ્યું છે. ઈસ્લામિક માનસિકતાને કારણે લોકશાહી ઢબે ચૂંટાયેલાં પ્રધાનમંત્રીને ત્યાંથી ભાગવું પડયું છે. તેના પરથી જ અંદાજ લગાવી શકાય કે, જો શેખ હસીના ઈસ્લામવાદીઓના હાથમાં આવી ગયાં હોત તો તેમની શી હાલત થાત અને આ બધું જ કરી રહી છે અલ્લાહ હુ અકબરના નારા લગાવનારી ભીડ. જેની આગમાં આજે અડધાથી વધારે વિશ્વ ભડકે બળી રહ્યું છે. આતંકવાદી સંગઠનો સામે અમેરિકા અને ઈઝરાઈલ સખતાઈથી વર્તી રહ્યા છે અને તેને નષ્ટ કરવા એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. આમ છતાં આઘાતજનક રીતે આપણા દેશમાં આ ઈસ્લામિક અરાજકતાને તાનાશાહીની હાર, લોકશાહીની જીત, જનતા-યુવાઓની ક્રાંતિનાં નામો અપાઈ રહ્યાં છે. બાંગ્લાદેશના તોફાનીઓને શાંતિ-વિકાસ-માનવતા સાથે નફરત છે. તબાહી, બર્બાદી, જુલમો-સિતમ, કત્લેઆમ આ બધું આ લોકો માટે સામાન્ય છે. બાંગ્લાદેશમાં હિન્દુ સમાજ લઘુમતીમાં છે અને તેનો અવાજ સાંભળવા કોઈ તૈયાર નથી. ગત સપ્તાહે દુર્ગા માતાના પંડાલો નષ્ટ કરવામાં આવ્યા હતા. માતાની મૂર્તિઓને ખંડિત કરવામાં આવી અને ત્યાંથી હિન્દુઓને હાંકી કાઢવામાં આવ્યા હતા. આગ લગાડવામાં આવી, મકાનો બાળવામાં આવ્યા આ બધું હોવા છતાં ત્યાંની સરકાર મૂંગા મોઢે આ ખેલ જુએ છે. અને ત્યાંના નવા વડાપ્રધાન દેખાવ પૂરતા નિવેદનો આપે છે. આ તોફાનોમાં તેની મૂંગી સંમતિ સ્પષ્ટ નજરે પડી રહી છે. તેઓ ઝનૂની બની રહેલા તોફાનીઓને આડકતરૂ સમર્થન આપે છે. જ્યારે હિન્દુ મંદિરો પર હુમલા થાય ત્યારે પોલીસ મૂક તમાશો જોઈને ઉભી રહે છે. ફાયર બ્રિગેડના બંબા આવે છે પરંતુ આગ ઓલવવા માટે પાણીનો સપ્લાય ન હોવાનું બહાનું આપવામાં આવી રહ્યું છે. અનેક લઘુમતીના મકાનો, પૂજાસ્થાનો, મંદિરો બળીને ભસ્મિભૂત થાય ત્યાં સુધી પાણી જ આવતું નથી.

આ બતાવે છે કે ત્યાંની સરકાર, ત્યાંની પોલીસ આ આતંકવાદીઓને અંદરખાનેથી સમર્થન આપે છે.બાંગ્લાદેશમાં હિંસક તખ્તાપલટ બાદ કેટલાક દિવસો સુધી ત્યાંના હિન્દુઓને લઈ ચિંતા કરવાની જવાબદારી માત્ર સંઘ અને અન્ય હિન્દુ સંગઠનોના શિરે હોય તેમ માત્ર તેઓ જ આ મુદ્દે ચિંતા - ટીકા કરી રહ્યા હતા. પાંચ ઓગસ્ટના રોજ વિદેશમંત્રી જયશંકરજીએ સર્વદલીય બેઠક અને સંસદમાં બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચારની જાણકારી આપી ચૂક્યા હતા. આમ છતાં વિપક્ષના એક પણ નેતાએ તેના પર ચિંતા વ્યક્ત કરવાનું જરૂરી નહોતું સમજ્યું. જ્યારે બાંગ્લાદેશમાં અંતરિમ સરકારના પ્રમુખ મુહમ્મદ યુનુસના શાસનમાં બાંગ્લાદેશના હિન્દુઓ ખુદને બચાવવા સડકો પર ઊતરી આવ્યા અને વિશ્વના દેશોમાં બાંગ્લાદેશી હિન્દુઓને બચાવવાની માગણી સાથે પ્રદર્શનો થવા લાગ્યાં. ત્યારે લગભગ અનેક સપ્તાહ બાદ વિપક્ષને મજબૂરીમાં આ મુદ્દે મોઢું ખોલવું પડ્યું અને રાહુલ, પ્રિયંકા, માયાવતી જેવા નેતાઓએ શુષ્ક-શુષ્ક ભાષામાં લઘુમતીઓ પરના હુમલાની ટીકા માત્ર કરી. એટલે કે આ વખતે પણ તેમને મતબેંકની શરમ નડી. સમગ્ર વિશ્વમાં બાંગ્લાદેશી હિન્દુઓના સમર્થનમાં અવાજો ઊઠી રહ્યા છે. બાંગ્લાદેશી હિન્દુઓના સમર્થનમાં સૌ પ્રથમ અવાજ નેધરલેન્ડના રાજનેતા ગીર્ટ વાઈલ્ડર્સે ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ હિંસા ભયાનક છે. તેને વહેલામાં વહેલી તકે ડામી દેવી જોઈએ. અમેરિકાના રાષ્ટ્રપતિ કાર્યાલય વ્હાઈટ હાઉસે કહ્યું હતુ કે, અમારી નજર બાંગ્લાદેશની સ્થિતિ પર છે. અમેરિકા માનવ અધિકાર મુદ્દે સ્પષ્ટ છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકન સંસદમાં ભારતીય સાંસદોએ બાંગ્લાદેશમાં હિંસાનો મુદ્દો ઉઠાવી કહ્યું હતું કે, બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુ સમુદાયના જીવન અને સંપત્તિઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અમેરિકાની સરકારે દખલ દેવી જોઈએ.

### આરોપીઓએ વિવિધ મંદિરોમાં ચોરી કર્યાની કબુલાત કરી

# અમરેલીનાં નાના ભંડારીયા ગામનાં મંદિરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

**પોલીસે બે આરોપીની ધરપકડ કરી મુદ્દામાલ જપ્ત કર્યો**

અમરેલી, તા.૦૩

અમરેલી જિલ્લામાં સીમ વિસ્તારમાં તસ્કરોની ભારે રંજાડ જોવા મળતી હતી. જેમાં ખાસ કરીને મંદિરમાં ચોરી કરી તસ્કરોએ પોલીસને પડકાર ફેંકયો હતો. જેમાં અમરેલી તાલુકાનાં નાના ભંડારીયા ગામે મંદિરમાં ચોરી કરનાર બે ઈસમોને પોલીસે ઝડપી પાડયા હતા. જિલ્લા પોલીસ વડા હિમકરસિંહનાં માર્ગદર્શન નીચે એલસીબી પીઆઈ પટેલની ટીમ દ્વારા બાતમીનાં આધારે ઉકારસિંહ ઈન્દરસિંહ દાવર રહે.કાનગોલ(મધ્યપ્રદેશ) હાલ કોટડાપીઠાની સીમમાં



અને જગદીશ ભુરસિંહ મેહુડા રહે.છોટી જરી(મધ્યપ્રદેશ) હાલ રહે. જાળીયાને ઝડપી પાડયા હતા. બંને આરોપીઓ પાસેથી રોકડા રૂ.૧૭૦૦૦, એન્ડ્રોઈડ મોબાઈલ નંગ-ર કિં.રૂ.૨૨૦૦૦/- તેમજ હોન્ડા મળી કુલ રૂ.૫૯૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપીઓએ કબુલાતમાં જણાવ્યું હતું કે, ઝરખીયા ગામની સીમમાં સુરાપુરાદાદાનાં મંદિરમાં ચોરી, સાજીયાવદર ગામના પાટીયા પાસે મુસાફરને માર મારવામાં આવ્યો હતો, શેલખંભાળીયા ગામે નદીના કિનારે આવેલ મંદિરમાં ચોરી, વડેરા ગામે આવેલ હનુમાનજીદાદાનાં મંદિરમાં ચોરી, સુરગપુરા ગામે મંદિરમાં ચોરીનો પ્રયાસ તેમજ લુણીધાર ગામે વાસણની દુકાનમાં ચોરીનો પ્રયાસ કર્યો હતો.

# બાબરાના ગ્રામ્ય પંથકો માટે તળાવના રીપેરીંગ માટે લાખોની ગ્રાન્ટ મંજૂર

**જિ.પં. સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ દ્વારા નાની સિંચાઈ માટે દરખાસ્ત કરાઈ હતી**

બાબરા,તા.૦૩

અમરેલી જિલ્લા પંચાયતના સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળએ કોટડાપીઠા સીટના નાની સિંચાઈના કામોનો સર્વે



કરાવી દરખાસ્ત કરાવેલ જેમાં ધારાસભ્ય જનકભાઈ દ્વારા ભલામણ કરાતા જ કામોને મંજૂરી મળેલ છે. જે કામ મંજૂર કરાયા છે.

તેમાં નવાણિયા ગામે તળાવના નવીનીકરણનું કામ રૂ.૫૪ લાખના ખર્ચે, પાનસડા ગામે બંધારાનું કામ રૂ.૧૭.૭૪ લાખના ખર્ચે, કલોરાણામાં તળાવ રીપેરીંગનું કામ રૂ. ૯ લાખના ખર્ચે, કોટડાપીઠા ધોબીયારા તળાવના દરવાજાનું કામ અંદાજિત રૂ.૫ લાખના ખર્ચે રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે. આ કામો થવાથી કોટડાપીઠા સીટના ગામોમાં પાણી સંગ્રહમાં મોટો વધારો થવાથી ખેડૂતોને ખૂબ જ મોટો ફાયદો થશે. આ કામોથી કોટડાપીઠા, નવાણિયા, પાનસડા, કર્ણકી, કલોરાણા, ખાનપર, ખીજડીયા વિગેરે ગામોના તળાવના જળસંગ્રહમાં પણ વધારો થશે.

# સા.કુંડલા ગુરૂકુળનો વિદ્યાર્થી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં ત્રીજા સ્થાને



અમરેલી,તા.૦૩

“ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા” અંતર્ગત ચલાલા ગાયત્રી સંસ્કાર વિદ્યાલય મુકામે યોજાયેલ જિલ્લા કક્ષાની “ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા” અંતર્ગત જેસર રોડ ગુરુકુળના વિદ્યાર્થી વાઘેલા ખુશ ઉદયભાઈએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરીને ફરીવાર જેસર રોડ ગુરુકુળનું નામ જિલ્લા કક્ષાએ રોશન કર્યું છે.

# દેવરાજીયા ગામે પશુ સારવાર કેમ્પ યોજાયો

**ધારાસભ્ય કૌશિક વેકરીયા ખાસ હાજર રહ્યા**

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લા પશુપાલન શાખા તેમજ અમરેલી પશુ દવાખાના દ્વારા તાજેતરમાં, અમરેલી તાલુકાના દેવરાજીયા ખાતે પશુ સારવાર કેમ્પ યોજાયો હતો, આ તકે વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી-વડીયા-કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નાયબ મુખ્ય



દંડક કૌશિકભાઈ વેકરીયાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા પશુપાલકો માટે જાહેર કરવામાં આવેલી પશુધન વીમા યોજના ઉપયોગી છે. પશુપાલકો નજીવી રકમ ભરી પશુઓ માટે વીમો ઉતારી શકે છે અને પ્રિમિયમની બાકી રકમ સરકાર દ્વારા ચૂકવવામાં આવશે તે બાબતો તેમણે પશુપાલકોને જણાવી હતી. આ તકે પશુપાલન વિભાગની કામગીરીની સમીક્ષા નાયબ મુખ્ય દંડક દ્વારા કરવામાં આવી હતી. અમરેલી જિલ્લા પંચાયત નાયબ પશુપાલન નિયામકએ કહ્યું કે, અમરેલી તાલુકામાં ૧૨ પશુ આરોગ્ય મેળાનું આયોજન કરી અંદાજે ૧૩ હજાર પશુઓ સહિત જિલ્લામાં ૧૪૪ પશુ આરોગ્ય મેળાનું આયોજન કરી આશરે ૯૯ હજાર પશુઓને પીડામાંથી મુક્તિ મળી છે. દેવરાજીયા ખાતે યોજાયેલા કેમ્પમાં ૩૩ પશુપાલકોના ૯૦૪ પશુઓને વિનામૂલ્યે વિવિધ સારવાર, રસીકરણ તેમજ જરુરી દવા પૂરી પાડવામાં આવી હતી.

# સાવરકુંડલા સેશન્સ કોર્ટની મુદતે આવેલા યુવકે ઝેરી દવા પી લેતા મોત

અમરેલી, તા.૦૩

અમરેલી જિલ્લામાં દિનપ્રતિદિન આપઘાતના બનાવમાં વધારો થતો જાય છે. જેમાં એક યુવકે સાવરકુંડલા સેશન્સ કોર્ટની નજીક જ ઝેરી દવા પી લેતા યુવકનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. સાવરકુંડલા તાલુકાના ખોડીયાણા ગામે રહેતા મનસુખ નાનુ વાઘમશી(ઉ.વ.૩૫) ની સેશન્સ કોર્ટમાં ક્રિમીનલ અપીલ હોય જેથી આ અપીલનાં કામે યુવક સા.કુંડલા સેશન્સ કોર્ટ આવ્યો હતો. આ દરમિયાન યુવકે પોતાના ખિસ્સામાંથી એક બોટલ કાઢી તેમાં ભરેલ ઝેરી દવા પી જતાં આસપાસનાં લોકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. યુવકને તાત્કાલિક સાવરકુંડલા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. તેમજ વધુ સારવાર માટે અમરેલી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતા યુવકનું સારવાર દરમ્યાન મોત થયું હતું. આ અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનનાં એએસઆઈ કિરણ ગઢવીએ જાહેર કર્યું છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૪૦ | ૧૪૮૪ |
| ઘઉં લોકવન | ૩૯૦ | ૬૧૫ |
| ઘઉં ટુકડા | ૫૯૫ | ૬૫૫ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૭૫૮ |
| જુવાર લાલ | ૬૫૦ | ૮૫૦ |
| બાજરી | ૩૫૦ | ૫૧૧ |
| મકાઇ | ૩૯૧ | ૪૩૨ |
| તુવેર | ૧૨૦૦ | ૧૯૮૪ |
| ચણા પીળા | ૧૦૭૫ | ૧૨૮૦ |
| ચણા સફેદ | ૧૫૦૦ | ૨૫૨૦ |
| અડદ | ૧૪૫૦ | ૧૬૮૦ |
| મગ | ૧૦૫૦ | ૧૭૭૦ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| વાલ પાપડી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચોળી | ૧૦૫૫ | ૨૫૦૦ |
| મઠ | ૮૦૦ | ૧૧૯૦ |
| વટાણા | ૨૫૫૦ | ૩૧૬૦ |
| કળથી | ૯૨૫ | ૧૦૮૦ |
| મગફળી જાડી | ૮૮૦ | ૧૧૯૦ |
| મગફળી જીણી | ૯૧૦ | ૧૨૩૫ |
| તલી | ૨૧૦૦ | ૨૭૪૦ |
| સુરજમુખી | ૧૪૭૬ | ૧૪૭૬ |
| એરંડા | ૧૦૫૫ | ૧૨૩૫ |
| સુવા | ૧૩૯૧ | ૧૩૯૧ |
| સોયાબીન | ૭૮૦ | ૮૩૯ |
| સીંગફાડા | ૧૦૭૦ | ૧૩૨૦ |
| કાળા તલ | ૨૯૧૦ | ૪૪૦૦ |
| લસણ | ૪૪૦૦ | ૫૫૦૦ |
| ધાણા | ૧૩૫૦ | ૧૫૧૧ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૨૪૦૦ |
| ધાણી | ૧૩૮૦ | ૧૫૪૧ |
| વરીયાળી | ૧૦૪૦ | ૧૩૩૦ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૬૪૦ |
| રાય | ૧૦૪૦ | ૧૨૮૪ |

| | | |
|---|---|---|
| મેથી | ૧૦૪૦ | ૧૪૩૦ |
| કલોંજી | ૩૬૪૦ | ૩૭૫૦ |
| રાયડો | ૧૦૩૫ | ૧૧૪૦ |
| ગુવારનું બી | ૮૬૦ | ૯૨૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૦૦ | ૯૦૦ |
| બટેટા | ૪૧૦ | ૬૬૦ |
| ડુંગળી સુકી | ૧૩૫ | ૬૭૦ |
| ટમેટા | ૭૫૦ | ૯૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૧૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૭૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૨૦ |
| ફલાવર | ૩૦૦ | ૩૬૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૫૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૬૦૦ |
| ટીંડોળા | ૩૦૦ | ૭૦૦ |
| દુધી | ૮૦ | ૧૬૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| સરગવો | ૬૦૦ | ૩૬૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૭૦૦ | ૮૦૦ |
| કાકડી | ૫૦૦ | ૮૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| વટાણા | ૧૩૦૦ | ૧૬૦૦ |
| તુવેરસીંગ | ૮૦૦ | ૧૦૪૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૫૦૦ | ૬૦૦ |
| મેથી | ૨૦૦ | ૪૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૦૦૦ |

| | | |
|---|---|---|
| ચણા લીલા | ૩૫૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૯૦૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૪૦૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૨૫ | ૧૧૯૯ |
| ગીરનાર શીંગ | ૧૦૫૫ | ૧૨૫૬ |
| શિંગ મોટી | ૮૩૦ | ૧૨૫૦ |
| શિંગ ફાડા | ૧૦૬૫ | ૧૨૫૦ |
| તલ સફેદ | ૧૬૮૦ | ૨૮૨૦ |
| તલ કાળા | ૩૬૦૦ | ૪૫૭૫ |
| તલ કાશ્મીરી | ૩૨૭૬ | ૩૨૭૬ |
| બાજરો | ૪૬૫ | ૫૯૦ |
| જુવાર | ૪૮૦ | ૮૨૦ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૮૧ |
| ઘઉં લોકવન | ૫૬૦ | ૬૨૭ |
| અડદ | ૮૦૦ | ૧૫૩૦ |
| ચણા | ૬૦૦ | ૧૩૨૧ |
| કપાસ | ૮૫૦ | ૧૪૬૨ |
| એરંડા | ૧૦૯૨ | ૧૨૨૯ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૪૧૦ |
| ધાણા | ૮૭૫ | ૧૪૦૦ |
| મેથી | ૯૧૦ | ૧૧૧૭ |
| સોયાબીન | ૬૫૦ | ૮૨૮ |
| રજકાનું બી | ૨૧૦૦ | ૫૩૭૦ |
| મરચા લાંબા | ૬૦૦ | ૨૬૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૫૦૦ | ૫૮૦ |
| રીંગણાં | ૩૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૪૪૦ | ૬૫૦ |
| કોબીજ | ૩૨૦ | ૪૪૦ |
| શકકરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટામેટા | ૮૦૦ | ૯૫૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |

| | | |
|---|---|---|
| ગાજર | ૪૨૦ | ૬૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૪૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૫૦ |
| મુળા | ૨૨૦ | ૪૫૦ |
| કાકડી | ૩૪૦ | ૬૫૦ |
| ગુવાર | ૬૪૦ | ૧૦૫૦ |
| વાલોળ | ૬૦૦ | ૮૦૦ |
| વટાણાં | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ચોળા લીલાં | ૭૨૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| આમળા | ૫૦૦ | ૬૪૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૮૪૦ | ૧૦૫૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૭૦૦ | ૮૦૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૬૫૦ |
| ફુદીનો | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૬૨૦ | ૮૦૦ |
| તુવેર | ૮૦૦ | ૯૦૦ |
| સરગવો | ૧૫૦૦ | ૨૦૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૧૧૮૦ |
| મરચા લાલ | ૩૫૦ | ૧૧૦૦ |
| ડુંગળી લીલી | ૨૨૦ | ૪૦૦ |
| લસણ સુકુ | ૫૫૦૦ | ૭૫૦૦ |
| લસણ લીલું | ૫૦૦૦ | ૭૦૦૦ |
| ડુંગળી સૂકી | ૩૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૫૦૦ |
| પાલક | ૪૨૦ | ૬૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૪૦૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૫૨૬ | ૬૧૮ |

| | | |
|---|---|---|
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૭૪૬ |
| સિંગ ફાડીયા | ૭૫૧ | ૧૩૨૧ |
| એરંડા / એરંડી | ૮૦૧ | ૧૨૬૧ |
| જીરૂ | ૩૩૫૧ | ૪૭૨૧ |
| વરીયાળી | ૧૨૧૧ | ૧૩૦૧ |
| ધાણા | ૮૦૦ | ૧૫૬૧ |
| લસણ સુકું | ૧૮૪૧ | ૫૩૬૧ |
| અડદ | ૧૧૧૧ | ૧૬૭૧ |
| મઠ | ૭૨૬ | ૮૩૧ |
| તુવેર | ૧૦૪૧ | ૧૮૯૧ |
| રાય | ૧૨૦૧ | ૧૨૨૧ |
| મેથી | ૬૫૧ | ૧૨૩૧ |
| કાંગ | ૪૦૧ | ૧૦૭૧ |
| મરચા | ૩૫૧ | ૨૬૫૧ |
| સફેદ ચણા | ૧૨૦૦ | ૨૬૦૧ |
| ઇસબગુલ | ૧૬૫૧ | ૧૮૪૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૬૨૧ |
| બાજરો | ૪૫૧ | ૪૯૧ |
| જુવાર | ૬૪૧ | ૭૫૧ |
| મકાઇ | ૩૫૧ | ૫૩૧ |
| મગ | ૧૦૯૧ | ૧૭૬૧ |
| ચણા | ૧૧૬૬ | ૧૨૭૬ |
| વાલ | ૩૮૧ | ૧૫૫૧ |
| ચોળા / ચોળી | ૪૦૧ | ૨૪૭૬ |
| સોયાબીન | ૬૦૧ | ૯૧૧ |
| ગોગળી | ૮૩૧ | ૯૬૧ |
| વટાણા | ૧૪૭૬ | ૩૨૫૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૨૫ | ૧૪૭૫ |
| મગફળી | ૯૨૬ | ૧૧૩૭ |
| સોયાબીન | ૭૮૧ | ૭૯૯ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૨૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૮૦ | ૧૧૬૪ |
| મગફળી ૩૨ નં. | ૯૨૫ | ૧૦૬૮ |

| | | |
|---|---|---|
| બાજરી | ૪૨૫ | ૫૯૨ |
| ઘઉં | ૫૨૫ | ૬૪૨ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૪૧૦ |
| કાળા તલ | ૩૬૦૦ | ૪૧૮૦ |
| સોયાબીન | ૭૬૨ | ૮૩૫ |
| જુવાર | ૬૦૦ | ૮૧૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૭૨૦ |
| કપાસ | ૧૩૮૦ | ૧૪૪૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૫૧ | ૧૦૯૧ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૬૦૦ |
| તલ પીળા | ૨૮૨૮ | ૨૮૨૮ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૬૦ |
| બાજરો | ૫૨૬ | ૭૫૧ |
| ઘઉ ટુકડા | ૫૬૦ | ૬૪૬ |
| જુવાર | ૬૫૦ | ૮૧૦ |
| મગ | ૨૦૨૦ | ૨૪૨૫ |
| મઠ | ૧૧૮૧ | ૧૩૫૦ |
| અડદ | ૧૨૭૫ | ૧૫૦૨ |
| ચણા | ૧૧૦૧ | ૧૫૦૧ |
| જીરૂ | ૩૯૩૯ | ૪૩૫૦ |
| સોયાબીન | ૬૦૧ | ૮૧૦ |
| અજમો | ૧૫૦૦ | ૧૫૦૦ |
| **લીલીયામોટા** | | |
| કપાસ | ૧૨૫૪ | ૧૪૬૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૨ |
| મગફળી | ૮૧૧ | ૧૦૨૦ |
| ઘઉં | ૫૭૫ | ૫૯૯ |
| ચણા | ૧૧૮૭ | ૧૩૦૦ |
| જીરૂ | ૪૩૨૫ | ૪૩૨૫ |
| બાજરો | ૪૩૫ | ૪૩૫ |
| સોયાબીન | ૬૯૬ | ૮૯૨ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૪૮૦ |

| | | |
|---|---|---|
| કપાસ મીડીયમ | ૧૧૦૦ | ૧૩૫૦ |
| મગફળી જી ૨૦ | ૧૧૩૬ | ૧૧૭૪ |
| મગફળી બી.ટી | ૯૪૦ | ૧૦૬૦ |
| અડદ | ૧૧૬૦ | ૧૨૮૦ |
| ઘઉં | ૫૧૫ | ૫૯૫ |
| તલ સફેદ | ૨૧૩૦ | ૨૨૮૦ |
| તલ કાળા | ૩૨૧૫ | ૪૧૨૫ |
| જીરૂ | ૪૦૦૫ | ૪૪૬૫ |
| સોયાબીન | ૭૮૦ | ૮૦૦ |
| ચણા | ૧૧૪૫ | ૧૩૫૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૪ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૭૪ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૫૯૫ |
| જુવાર | ૭૧૭ | ૭૨૫ |
| સોયાબીન | ૫૫૦ | ૮૨૧ |
| મગફળી | ૬૦૦ | ૯૦૪ |
| ચણા | ૧૦૫૫ | ૧૨૪૫ |
| તલ સફેદ | ૧૬૪૫ | ૨૨૪૫ |
| ધાણા | ૧૩૫૦ | ૧૪૧૦ |
| ચણા સફેદ | ૧૦૩૦ | ૧૦૩૦ |
| શીંગ દાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| મગ | ૧૨૮૦ | ૧૨૮૦ |
| અડદ | ૧૨૧૫ | ૧૨૮૦ |
| માકઈ | ૫૦૦ | ૫૦૦ |
| બાજરો | ૫૭૨ | ૫૭૨ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૧ | ૧૧૬૫ |
| શીંગ મોટી | ૧૧૫૧ | ૧૨૩૧ |
| તલ સફેદ | ૨૦૩૦ | ૨૬૪૨ |
| જીરૂ | ૪૩૫૫ | ૪૫૮૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૫૩ |
| ઘઉં લોકવન | ૬૦૦ | ૬૫૮ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૪૪ |
| બાજરો | ૫૮૯ | --- |

| | | |
|---|---|---|
| જુવાર | ૭૦૦ | --- |
| અડદ | ૮૦૦ | ૧૨૨૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ધાણા | ૧૦૯૫ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૨૫ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૫૫ |
| ઘઉં | ૪૮૦ | ૫૮૨ |
| ચણા | ૮૦૦ | ૧૨૩૦ |
| અડદ | ૭૦૦ | ૧૫૦૦ |
| મગફળી | ૭૦૦ | ૧૧૦૫ |
| શિંગફાડા | ૯૫૦ | ૧૦૮૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૧૦૦ |
| મેથી | ૮૦૦ | ૯૫૦ |
| જીરૂ | ૪૪૩૫ | ૪૪૩૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૭૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૩૨ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૪૦ | ૧૫૦૦ |
| જુવાર | ૪૩૦ | ૫૬૦ |
| બાજરો | ૪૦૦ | ૫૨૫ |
| ઘઉં | ૫૨૦ | ૬૨૦ |
| અડદ | ૧૦૧૦ | ૧૪૪૫ |
| તુવેર | ૫૦૦ | ૬૨૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૫૫ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૫૬૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૧૩૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૩૦ |
| લસણ | ૩૦૦૦ | ૫૫૫૦ |
| જીરૂ | ૪૧૫૦ | ૪૬૬૫ |
| અજમો | ૨૧૭૫ | ૩૩૨૦ |
| ધાણા | ૧૩૬૦ | ૧૪૯૦ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૮૯૦ |
| મરચા સૂકા | ૭૦૦ | ૨૮૦૦ |
| સોયાબીન | ૭૧૫ | ૮૪૫ |




લાગે તો તીર : - આવ બકા આવ. કેમ રહ્યું આજનું સવાર ? 06

# બાંગ્લાદેશમાં હિંદુઓ ખરેખર રામભરોસે




બાંગ્લાદેશમાં હિંદુત્વ ખતરામાં છે.

બાંગ્લાદેશમાં છેલ્લા ચાર મહિનાથી ચાલી રહેલી હિંદુ વિરોધી હિંસા અટકવાનું નામ નથી લઈ રહી. થોડાક દિવસોની શાંતિ પછી પાછી હિંસા શરૂ થઈ જાય છે અને હિંદુઓને નિશાન બનાવીને હુમલા શરૂ થઈ જાય છે. છેલ્લા છ મહિનાથી આ સિલસિલો ચાલી રહ્યો છે ને તેમાં દસ હજારથી વધારે હિંદુઓની હત્યા કરી દેવાઈ હોવાનું કહેવાય છે.

બાંગ્લાદેશમાં અનામત વિરોધી આંદોલને હિંસક સ્વરૂપ ધારણ કરતાં શેખ હસીનાએ બાંગ્લાદેશ છોડીને ભાગવું પડ્યું પછી કટ્ટરવાદી મુસ્લિમો પાસે ખિજ કાઢવા બીજું કોઈ ના બચ્યું તેથી હિંદુઓ પર તૂટી પડ્યા છે. બાંગ્લાદેશની રાજધાની ઢાકાથી ભારત આવેલાં શેખ હસીનાને પોતાને સોંપી દેવા માટે વચગાળાની સરકારે કહ્યું પણ ભારતે હસીનાને બાંગ્લાદેશને સોંપ્યાં નથી. આ કારણે મુસ્લિમ કટ્ટરવાદીઓ ભારત સામે ઝેર ઓકી રહ્યા છે અને હિંદુઓને નિશાન બનાવી રહ્યા છે.

ઈસ્કોન સહિતનાં સંગઠનો બાંગ્લાદેશના હિંદુઓ માટે લડી રહ્યાં છે તો તેમને પણ નિશાન બનાવાઈ રહ્યાં છે. હમણાં ઈસ્કોનના નેતા ચિન્મય દાસ બ્રહ્મચારીને જેલમાં પૂરી દેવાયા છે અને તેમના પર રાજદ્રોહનો કેસ લગાવી દેવાયો છે. હિંદુવાદી નેતાઓનાં ખાતાં પણ બંધ કરી દેવાયાં છે. ઈસ્કોન સહિતનાં સંગઠનોને દબાવી દેવા માટે તેમના પર પ્રતિબંધની પણ હિલચાલ ચાલી રહી છે.

આશ્ચર્યજનક રીતે આખી દુનિયા બાંગ્લાદેશમાં થઈ રહેલી હિંદુઓની કત્લેઆમ સામે ચૂપ છે. ભારતમાં મુસ્લિમો સહિતની લઘુમતીઓને દબાવી દેવાય છે, તેમના પર અત્યાચારો થાય છે, અસહિષ્ણુતાનું વાતાવરણ પેદા કરી દેવાયું છે એવી રેકર્ડ વગાડ્યા કરતાં અમેરિકાના માનવાધિકાર પંચ સહિતનાં સંગઠનો સાવ ચૂપ છે. યુનાઈટેડ નેશન્સ ચૂપ છે ને કોઈએ પણ બાંગ્લાદેશમાં થઈ રહેલી હિંદુઓની કત્લેઆમ સામે અવાજ નથી ઉઠાવ્યો કે નોબલ પ્રાઈઝ વિજેતા અર્થશાસ્ત્રી મુહમ્મદ યુનુસના વડપણ હેઠળ વચગાળાની સરકાર હિંદુઓની હત્યા કેમ રોકી નથી શકતી એવો સવાલ પણ નથી કર્યો.

કટ્ટરવાદી મુસ્લિમોનાં ટોળાં શોધી શોધી હિંદુઓને નિશાન બનાવી રહ્યાં છે, હિંદુઓનાં ઘરોને આગ લગાડી રહ્યાં છે, દુકાનો લૂંટાઈ રહી છે અને બહેન-દીકરીઓને ઉઠાવી જઈને બળાત્કાર કરવાની ઘટનાઓ પણ બની રહી છે પણ કોઈ તેમની પડખે નથી.

બાંગ્લાદેશના હિંદુઓ અત્યારે સાચા અર્થમાં રામભરોસે છે.

■■■

હિંદુઓએ ઈસ્ટ પાકિસ્તાનને પાકિસ્તાનની ચુંગાલમાંથી છોડાવ્યું પણ તેની આકરી કિંમત તેમણે ચૂકવી છે. બાંગ્લાદેશની આઝાદી માટેની લડતમાં ભજવેલી ભૂમિકા માટે બાંગ્લાદેશના સર્જન પહેલાં તેમના પર અમાનવીય અત્યાચારો થયા. બાંગ્લાદેશના સર્જન પછી આ અત્યાચારો ઘટશે એવું લાગતું હતું પણ તેના બદલે અત્યાચારો વધ્યા છે.

આઝાદી વખતે પંજાબ અને બંગાળ બંનેમાં હિંદુઓ પર સૌથી વધારે અત્યાચાર થયા. પાકિસ્તાન અસ્તિત્વમાં આવ્યું પછી પાકિસ્તાનમાં પંજાબી અને સિંધીઓએ સત્તા કબજે કરીને બંગાળીઓ અને બિહારીઓને સેકન્ડ ક્લાસ સિટિઝન બનાવી દીધા પછી ઈસ્ટ અને વેસ્ટ બંને પાકિસ્તાનમાં હિંદુઓ પર અત્યાચારો ચાલુ રહ્યા. શેખ મુજીપુર રહેમાને ૧૯૪૮માં બાંગ્લાભાષીઓના અધિકારોની માગ કરી ત્યારે પણ હિંદુઓ સૌથી પહેલાં નિશાન બન્યા હતા. ૧૯૬૨માં રાજાશાહી હત્યાકાંડ પછી ફાટી નીકળેલી હિંસામાં ૮૦ હજાર હિંદુઓની હત્યા થઈ હતી. સંખ્યાબંધ મંદિરો તોડાયાં હતાં ને હિંદુઓની સંપત્તિ લૂંટવામાં આવી હતી. ૧૯૬૪નાં કોમી તોફાનમાં પણ લગભગ ૧૫ હજાર હિંદુ મરાયા હતા. આ હત્યાકાંડ પાકિસ્તાની લશ્કરની મદદથી કરાયા હતા.


**બ્રેકિંગ પોઈન્ટ**
નેહા શર્મા

પાકિસ્તાનના સરમુખત્યાર યાહ્યાખાને બાંગ્લાદેશની ચળવળને દબાવી દેવા ઓપરેશન સ્ટરલાઈટ કરાવ્યું ત્યારે પણ હિંદુઓને નિશાન બનાવ્યા હતા. ૧૯૭૧ના બાંગલા જીનોસાઈડમાં લગભગ ૩૦ લાખ હિંદુઓની હત્યા કરાઈ અને ૪ લાખ હિંદુ બહેન-દીકરીઓ પર પાશવી બળાત્કાર ગુજારાયા હતા. પાકિસ્તાની સૈનિકોએ હિંદુઓનાં આખેઆખાં ગામોને સળગાવીને હત્યાકાંડ આચર્યા હતા. કટ્ટરવાદી મુસ્લિમો એટલે કે રઝાકારે તેમને સાથ આપ્યો હતો. પાકિસ્તાનની મસ્જિદોમાંથી ઈસ્ટ પાકિસ્તાન જઈને હિંદુઓની હત્યા કરવા મુલ્લા-મૌલવીઓ કજહેતા. ઈમામો મસ્જિદોનાં લાઉડ સ્પીકરો પરથી કહેતા કે, પાકિસ્તાનમાં શાંતિ સ્થાપવા હિન્દુઓના બલિદાનની જરૂર છે. બંગાળી હિંદુ મહિલાઓને વોર બુટી એટલે કે યુદ્ધની લૂંટ જાહેર કરતા ફતવા બહાર પાડીને હિંદુઓની હત્યા કરનારાને તેમના ઘરની સ્ત્રીઓને ભોગવવાનો અધિકાર મળશે એવું કહેવાતું.

ભારતે બાંગ્લાદેશને આઝાદ કરાવ્યું પછી પણ આ સિલસિલો ચાલુ રહ્યો. ૧૯૯૨માં બાબરી મસ્જિદ તૂટી ત્યારે હિંદુ મંદિરો તોડીને મોટી સંખ્યામાં હિંદુઓને મારી નખાયા હતા. ૨૦૦૨ના ગુજરાતનાં રમખાણો વખતે પણ ૧૯૯૨ જેવા જ તોફાનો થયાં હતાં ને હિંદુઓની કત્લેઆમ થઈ હતી.

■■■

બાંગ્લાદેશમાંથી હિંદુઓનું પ્રમાણ ચિંતાજનક રીતે ઘટી રહ્યું છે એ જોતાં હિંદુઓ નેસ્તનાબૂદ થઈ જશે એવો ખતરો વાસ્તવિકતા બની જશે એવું લાગે છે. દેશ આઝાદ થયો ત્યારથી અત્યાર સુધીના વસતી ગણતરીના આંકડા પર નજર નાંખશો તો વાસ્તવિકતા સમજાશે.

અંગ્રેજોએ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારતને આઝાદી આપી ત્યારે સાથે સાથે ભાગલા પણ આપેલા અને ભારત તથા પાકિસ્તાન એમ બે નવા દેશ બનાવ્યા. આઝાદી વખતે પાકિસ્તાનની કુલ વસતીમાં ૧૩ ટકા હિંદુ હતા ને પાકિસ્તાનના હિંદુઓમાં બાંગ્લાદેશના હિંદુ પણ આવી ગયા. પાકિસ્તાનના બહુમતી હિંદુઓ ઈસ્ટ પાકિસ્તાનમાં હતા. પાકિસ્તાન ત્યારે ઈસ્ટ પાકિસ્તાન અને વેસ્ટ પાકિસ્તાન એમ બે ભાગમાં હતું. વેસ્ટ પાકિસ્તાનમાં પંજાબ, સિંધ, બલુચિસ્તાન સહિતના હાલના પાકિસ્તાનના પ્રદેશો હતા જ્યારે ઈસ્ટ પાકિસ્તાન એ વખતે પૂર્વ બંગાળ હતું કે જે હાલનું બાંગ્લાદેશ છે.

પૂર્વ બંગાળની કુલ વસતીમાં હિંદુઓનું પ્રમાણ ૨૨ ટકા હતું જ્યારે પશ્ચિમ પાકિસ્તાન એટલે કે હાલના પાકિસ્તાનમાં હિંદુઓનું પ્રમાણ માત્ર ૧.૬ ટકા હતું. આપણે પાકિસ્તાનમાં હિંદુઓનું પ્રમાણ ઘટ્યું એવું સાંભળીએ છીએ પણ વાસ્તવમાં પાકિસ્તાનની વસતીમાં હિંદુઓ બહુ થોડા પ્રમાણમાં ઘટ્યા છે. અસલી ઘટાડો બાંગ્લાદેશમાં થયો છે અને બાંગ્લાદેશમાં હિંદુઓની સ્થિતી સાવ ખરાબ છે.

બાંગ્લાદેશમાં હિંદુઓની વસતીમાં ધરખમ ઘટાડો થયો છે એ વાત પણ નાની લાગે એવી હાલત છે. હાલમાં બાંગ્લાદેશમાં ૧.૩૦ કરોડ હિંદુ છે. બાંગ્લાદેશની કુલ વસતીમાં માત્ર સાડા આઠ ટકા હિંદુ છે. ભારત અને નેપાળ પછી વિશ્વમાં હિંદુઓની સૌથી વધારે વસતી બાંગ્લાદેશમાં છે પણ દેશ આઝાદ થયો તેનાથી ત્રીજા ભાગના હિંદુ રહી ગયા છે. દેશ આઝાદ થયો ત્યારે બાંગ્લાદેશમાં હિંદુઓનું પ્રમાણ ૨૨ ટકા હતું તે ઘટીને ૮.૫ ટકા થઈ ગયું છે. તેના પરથી જ હિંદુઓની હાલત કેવી ખરાબ છે તેની ખબર પડી જાય.

■■■

બાંગ્લાદેશમાં હિંદુ બચી ગયા તેનું કારણ પણ હિંદુ આદિવાસી છે.

બાંગ્લાદેશના ગારો, ખાસી, જૈંતિયા, સંથાલ, બિશનપુરીયા, મૈનપુરી, ત્રિપુરી, મુંડા, ધનુક વગેરે આદિવાસી હિંદુઓને કટ્ટરવાદી મુસ્લિમો કશું કરી શકતા નથી તેથી આ હિંદુઓ હજુય બાંગ્લાદેશમાં રહે છે. આ કારણે આદિવાસી હિંદુઓની વસતી બહુ ઘટી નથી પણ શહેરી વિસ્તારોમાં રહેનારા હિંદુઓ ભાગી રહ્યા છે તેથી તેમનું પ્રમાણ ચિંતાજનક રીતે ઘટી રહ્યું છે. મોટા ભાગના હિંદુ ભાગીને પશ્ચિમ બંગાળ આવી ગયા છે તેથી ગણતરીના હિંદુ રહી ગયા છે.

આ હિંદુઓને બચાવવા માટે હિંદુવાદીઓ કશું કરતા નથી કે આ દેશની હિંદુવાદી સરકાર પણ કશું કરતી નથી એ જોતાં બાંગ્લાદેશમાંથી આદિવાસી સિવાયના હિંદુઓના અસ્તિત્વ સામે મોટો ખતરો છે. બાંગ્લાદેશમાં રહેનારા હિંદુઓમાં મોટા ભાગના બંગાળી હિંદુ છે. તેમણે બાંગ્લાદેશમાં બંગાળી કલ્ચરને જાળવ્યું છે પણ આ કલ્ચર સામે પણ ખતરો છે.

ઈઝરાયલ યહૂદીઓનો દેશ છે ને દુનિયામાં ક્યાંય પણ યહૂદીઓને ઉની આંચ પણ આવે તો ઈઝરાયલ આક્રમકતા બતાવે છે. ભારત હિંદુઓનો સૌથી મોટો દેશ છે તેથી ભારતે પણ હિંદુઓના મુદ્દે આવી આક્રમકતા બતાવવી જોઈએ. બાંગ્લાદેશ સરકાર હિંદુઓની રક્ષા માટે કંઈ કરતી નથી ત્યારે ભારત મૂક પ્રેક્ષક બનીને જોઈ રહે કે ખાલી નિવેદનબાજી કર્યા કરે એ ના ચાલે. બાંગ્લાદેશને ફફડાવી દેવું પડે ને તો જ હિંદુઓ બચશે, બાકી તો બાંગ્લાદેશમાંથી હિંદુઓનું અસ્તિત્વ મટી જશે. ■

sanjogpurti@gmail.com

# મારી શિયાળું શોધ : W= BO³



વિદેશ યાત્રા કરવાનું બને ત્યાં સુધી હું ટાળું છું. કારણ કે હું જ્યાં જાવ ત્યાં વિદેશના પત્રકારો મને ઘેરી વળે છે અને મારા ઉપર જાત જાતના સવાલોનો મારો ચલાવે છે. (અને એ વાત અલગ છે કે અહીંયા સ્વદેશી મીડિયા મારો ભાવ પૂછતું નથી. સામેથી પ્રેસ કોન્ફરન્સ બોલાવું છું તો પણ કોઈ આવતું નથી. જેવા એ લોકોના નસીબ બીજું શું? આપણા મીડિયાએ સારા સારા માણસોને ખૂણામાં ધકેલી દીધા છે એમાંનો હું પણ એક છું.) વિદેશમાં મારી પાસે મીડિયા સાથે વાત કરવાનો સમય હોતો નથી કારણ કે હું ફરવા જાઉં છું મીડિયા સાથે વાત કરવા જતો નથી. તો પણ મીડિયા મને એક વાર ઘેરી વળે પછી મારે પત્રકારોના સવાલોના જવાબો તો દેવા જ પડે છે. કારણ કે પત્રકારો સાથે તમે પ્રેમથી વાત ન કરો તો એ લોકો એ વખતે તો કંઈ ન બોલે પણ ત્રણ મહિના પછી તમે ધાર્યું પણ ન હોય એવું તમારું કૌભાંડ બહાર આવે. એટલે મેં નક્કી કર્યું છે કે યા તો વિદેશ જવું નહીં અને જવું તો પત્રકારો દ્વારા પૂછાતા સવાલોના જવાબો પ્રેમથી આપવા. વિદેશમાં એક સવાલ મને વારંવાર પુછાય છે: " એક વૈજ્ઞાનિક તરીકે તમે આઈન્સ્ટાઈનની જેમ ઢગલાબંધ શોધો કરી છે તેમાંથી સૌથી મહત્વની શોધ તમને કઈ લાગે છે?" વિશ્વમાં ભારતનું ગૌરવ વધારવા માટે જ મારો જન્મ થયો હોવાને કારણે વિશ્વના પ્રથમ પંક્તિના પાંચ વૈજ્ઞાનિકોમાં આજે મારું નામ પુરા આદરથી લેવાય છે અને એટલે વિદેશના પત્રકારો મને આ સવાલ કરે તે અત્યંત સ્વાભાવિક છે અને હું તેનો ઉમળકાભેર અને ગંભીરતાપૂર્વક જવાબ પણ આપું છું. પરંતુ મારા એ સવાલોના જવાબનો ફાયદો મારી જન્મભૂમિ ભારતને મળવો જોઈએ તેને બદલે વિદેશના લોકોને તેનો ફાયદો થાય છે એનું મને ભારોભાર દુઃખ છે. દેશ-વિદેશમાં ફેલાયેલી મારી ખ્યાતિ અને લોકપ્રિયતાને કારણે ઈર્ષા કરી રહેલા ભારતીય પત્રકારો મારી અવગણના કરે છે અને મને કંઈ જ પૂછવા રાજી નથી તેના કારણે આખરે દેશપ્રેમને વશ થઈ ભારતીય જનતાના લાભાર્થે મારે આ લેખ લખવા માટે મજબૂર થવું પડ્યું છે. (એટલે પત્રકારો તો ઠીક પણ તંત્રી સમાજ પણ જો મારી ઈર્ષા નહીં કરતો હોય તો અત્યારે તમે આ લેખ વાંચી રહ્યા હશો.) તો હવે મૂળ વાત ઉપર આવીએ. હકીકતમાં વિશ્વ આખાને હલાવી દેનારી અને અનેક અનેક કરોડ લોકોને ખુશ કરી દેનારી મારી આ શોધ એક થીયરી છે. જે રીતે આલ્બર્ટ આઈન્સ્ટાઈનની એનર્જી સંબંધિત શોધ થિયરી ઓફ રિલેટિવિટી તરીકે ઓળખાય છે એ રીતે મારી શોધ **TNBW** અર્થાત થિયરી ઓફ નો બાથ ઈન વિન્ટર તરીકે ઓળખાય છે. જે રીતે આઈન્સ્ટાઈનનું સૂત્ર **$E=MC^2$** વૈજ્ઞાનિક બુદ્ધિ ધરાવતા વર્ગમાં સુવિખ્યાત છે એ જ રીતે મારું સૂત્ર **$W=BO^3$** વિશ્વમાં સતત જળ બચાવો અભિયાનમાં માનનાર લોકોમાં અત્યંત જાણીતું છે. **$W=BO^3$**નું ફુલ ફોર્મ થાય છે : **Winter is equal to Bath Only 3 time.** (શિયાળો અર્થાત માત્ર ત્રણ જ ટાઈમ નહાવાનું). મિત્રો ભારતમાં ઉમાશંકર જોશીની "વૃષભાવતાર" કવિતાથી જાણીતો બનેલો સિદ્ધાંત "એક વાર ખાય અને ત્રણ વાર ન્હાય" ખૂબ જાણીતો બની ગયેલો હોવાથી મારી આ શોધ પ્રત્યે ભારતમાં ખૂબ જ ગેરસમજ પ્રવર્તી રહી છે. આથી હું સાફ શબ્દોમાં જણાવું છું કે મારી આ શોધનો મતલબ થાય છે મતલબ કે **$W=BO^3$**નો અર્થ થાય છે શિયાળાની સમગ્ર ઋતુના સમગ્ર ચાર મહિના દરમિયાન માત્રને માત્ર ત્રણ જ વખત નહાવું. મિત્રો ભારતમાં ખાનગીમાં મારો આ સિદ્ધાંત ખૂબ જ લોકપ્રિય છે પરંતુ કેટલાક સિદ્ધાંતડાહ્યા લોકો મારા સિદ્ધાંતનું પાલન કરતા હોવા છતાં જાહેરમાં કહેવા પૂરતો વિરોધ કરે છે. પરંતુ વિરોધ કરનારા લોકોને હું તદ્દન અજ્ઞાની ગણું છું કારણ કે તે લોકોએ મારી નો બાથ ઈન વિન્ટર થીયરીનો થીસીસ વાંચ્યો નથી હોતો. મારી આ થિયરીને અમલમાં મૂકવામાં આવે તો તે વિશ્વનું જળધન એટલે કે પાણી તો બચાવી જ આપે છે પણ આ સાથો સાથ તે શિયાળાની કડકડતી ઠંડી સામે શરીરને રક્ષણ પણ આપે છે. બહુજન સુખાય અને બહુજન હિતાય એવા વિરાટ સિદ્ધાંતોને વરેલો એવો હું મારા વર્ષો સુધીની તપસ્યા સમાન સંશોધન દરમિયાન અનેક પ્રયોગોના અંતે એવા તારણ પર આવ્યો છું કે સ્નાન કરવાથી ચામડીનો કેટલોક મહત્વનો ભાગ ઘસાઈ જાય છે અને સાબુ જેવા સેન્દ્રીય તત્વોથી ચામડીને નુકસાન પણ થાય છે. જ્યારે સ્નાન નહીં કરવાથી ત્વચા ઉપર એક કુદરતી પ્રકારનું જ અદ્રશ્ય આવરણ સર્જાય છે. સ્નાન મોહથી અંજાયેલા અજ્ઞાની આત્માઓ આ આવરણને મેલ કહે છે. પરંતુ હું આ અદશ્ય આવરણને ઠંડીથી બચાવતું સુરક્ષા કવચ કહું છું.

ગમે તેટલો ઉપદેશ આપો અને ગમે તેટલું સમજાવો પરંતુ ભારતના લોકો મારી આ વાત સમજવાના નથી એની મને ખાતરી છે. અરે આ સિદ્ધાંત એટલો બધો અઘરો છે કે આ શોધનો શોધક એટલે કે હું પોતે જ એનું પાલન કરી શકતો નથી તો પછી બીજાની તો ક્યાં વાત કરવી? આમાં તો શિયાળામાં ત્રણથી વધુ વખત સ્નાન કરવા ઉપર સરકારી રાહે પ્રતિબંધ આવે તો જ લોકો સુધરી શકે. સ્નાનલોલુપ લોકો નહાયા વગર રહી જ શકવાના નથી. વળી સરકારી રાહે જ્ઞાન પ્રતિબંધ ધારો લાવવા બાબતે હું ભારતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી કે પછી અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કે ઈઝરાયેલના પ્રમુખ બેન્જામિન નેતન્યાહૂ સુધીના લોકો ઉપર પણ ખાસ કોઈ આશા રાખી શકતો નથી. કારણ કે એ લોકો પણ સ્નાનમોહથી ઘેરાયેલા સંસારી આત્માઓ છે. આ બાજુ રશિયા કે યુક્રેનમાં વ્લાદીમિર પુતીન કે વ્લાદીમીર ઝેલેન્સ્કી ઉપર પણ હું એવી કોઈ આશા રાખી શકતો નથી કારણ કે એ લોકો પણ સ્નાનમોહથી ઘેરાયેલા હોવાનું મારી જાણમાં આવ્યું છે. નહિતર પહેલા મારી જાણમાં એવું આવ્યું હતું કે આ લોકો છેલ્લા બે વર્ષથી ન્હાયા-ધોયા વગર ૨૪ કલાક યુદ્ધ જ કરે રાખે છે. પરંતુ હમણાં મારા એક બાતમીદારે મને માહિતી આપી કે આ લોકો તો દિવસમાં બે વખત ન્હાય છે... પત્યુ...


**ધીસ ઇઝ ધેટ**
નારન બારૈયા

પરંતુ વિશ્વમાં ક્રાંતિકારી વિચારોને ન્યાય આપનાર લોકો સાવ નામશેષ થઈ ગયા નથી. હજી બે દિવસ પહેલા જ મારી **$W=BO^3$** થિયરીનો જીણવટપૂર્વક અભ્યાસ પૂરો કર્યા બાદ તરત જ નોર્થ કોરિયાના પ્રેસિડેન્ટ કીમ જોંગ ઉનનો મારા ઉપર ફોન આવ્યો: " તમારી થીયરીનો અભ્યાસ કર્યા પછી હું નોર્થ કોરિયામાં શિયાળાની ઋતુ દરમિયાન ત્રણથી વધુ વખત સ્નાન કરવા ઉપર પ્રતિબંધ મૂકવા માગું છું અને સિઝન દરમિયાન ચોથું સ્નાન કરનારને સીધે સીધા ગોળીએ દેવાની જોગવાઈ કરવા માગું છું. તમે કંઈ કહેવા માંગો છો?" મેં કહ્યું: "ના, આનાથી તમારા પ્રવાસન ઉદ્યોગને ફાયદો થશે લાખો ભારતીય લોકો શિયાળો ગાળવા માટે તમારા દેશમાં આવશે. કાયદેસર સ્નાન મુક્તિનો પણ એક આનંદ હોય છે અને એ તમારા દેશમાં જ શક્ય છે." ■

naranbaraiya277@gmail.com

# કામ પૂર્ણ એટલે ટીશ્યુ પેપરની જેમ ફેંકી દે છે...



ગુજરાતીમાં કહેવત છે જરૂર હોય એટલે ગધેડાને બાપ કહે. આધુનિક યુગમાં ભૌતિકવાદ અને કામ પૂરતા સંબંધ રાખનારા અનેક સ્વાર્થી લોકો રહે છે. રસ્તામાં પડેલી ધૂળની પણ જરૂર પડે છે. આ બધા શબ્દોનો શણગાર કહેવામાં સારો લાગે છે. પરંતુ આજનો માનવી એટલી હદે સ્વાર્થી થઈ ગયો છે કે પોતાનું કામ પૂર્ણ થઈ ગયું એટલે હું કોણ ને તું કોણ ?

સરકારી કચેરીઓમાં પણ આવું જ ચાલે છે. તમારું કામ પૂર્ણ થયું એટલે તે ફાઈલ માળીયે ચડી જાય. વર્ષો સુધી તપસ્યા કર્યા પછી તમે અનેક સારા માણસો સંસ્થાઓને જોડી આપો. ત્યારબાદ તમે સાઈડ ઉપર રહી જાઓ અને તે લોકો જે વ્યક્તિને લઈ જનાર હોય તે તેના ઉપર શાસન કરે એવી વ્યવસ્થા આજે ઉભી થઈ ગઈ છે.


**સામાજિક અને શૈક્ષણિક**
વિપુલ.ડી. પટેલ
(રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ)

કોઈપણ વૃક્ષ ત્યારે જ ખીલે છે જ્યારે તેના મૂળિયા મજબૂત હોય, તેને પૂરતા પ્રમાણમાં પોષણ મળ્યું હોય ત્યારે તે ચોફેર ખીલે છે. તકવાદી સાધુઓ અને બુદ્ધિશાળી કહેવાતા ભણેલા લોકો આ જ સ્ટેટેજીથી આગળ વધી રહ્યા છે. તેમને તેમનો ભૂતકાળ દેખાતો નથી. કોઈપણ સરકારી કચેરીમાં તમારું કામનું મૂલ્યાંકન થતું નથી. માત્ર સારા માણસો મોકલી આપો એટલે કામ પૂર્ણ. જે વ્યક્તિ સારા, કાર્યકુશળ માણસો મોકલી આપતો હોય તેને ભૂલી જવાની હવે આદત બની ગઈ છે. મોકલેલ કે ભલામણવાળા લોકો તે કાર્ય કરીને પછી **facebook** ઉપર કે અન્ય ફોટોગ્રાફ મૂકીને આમ શિક્ષિત સમાજમાં એવું બતાવવા માંગે છે કે અમે કેટલા બધા આગળ છીએ? તે કેમના આગળ આવ્યા, કઈ રીતે આગળ આવ્યા તે કોઈ પૂછતા નથી? આજે આપણા નામની પાછળ આપણા બાપનું નામ લાગે છે. હવે તો ટૂંકમાં બોલવામાં આવે છે. જેથી બાપનું નામ ભૂલી જતા હોય તેવા લોભી તમારા કામને કઈ રીતે યાદ રાખી શકે?

દરેકને પોતાનું કામ પૂર્ણ થઈ જાય એટલે હોટલની અંદર હાથ સાફ કર્યા પછી જે હાલત ટીસ્યુ પેપરની થાય છે તેવી જ હાલત કામ કરતા અને સારા વ્યક્તિઓ સંસ્થાઓને જોડી આપતા વ્યક્તિની થાય છે. તેવું મેં સ્વયં અનુભવ્યું છે. આપણે તો આપણું કર્મ કરીએ છીએ પરંતુ માણસને ઓળખવાની ભૂલો જન્મો જનમાંતર સુધી નડે છે. ભલાઈનો જમાનો રહ્યો નથી કે તમને છોડીને આગળ વધનારા બહુ બધા છે. હાથ પકડનારને કઈ રીતે ભૂલી શકાય. હું જે પણ ક્ષેત્રમાં આગળ વધ્યો છું તેમાં મને જેણે આગળ લાવવાની પ્રેરણા અને હાથ પકડ્યો છે તેવા વ્યક્તિઓની આજે પણ એટલી જ માન મર્યાદા જાળવી છે અને તેમની આજ્ઞાનું પાલન કર્યું છે અને કરવું જ રહયું.

જરૂરિયાત એ સંશોધનની જનની કહેવાય છે. પરંતુ જ્યારે જરૂરિયાત પૂરી થઈ જાય ત્યારબાદ જે જરૂરિયાત પૂર્ણ કરે છે તે સાઈડ ઉપર આવી જાય છે. આવા પ્રપંચી અને કાવાદાવા કરનારા વ્યક્તિઓ સમાજમાં ઠેર ઠેર જોવા મળશે. કેટલાક અધિકારીઓ કાચા કાનના હોઈ તેમને સારું કાર્ય કરતા વ્યક્તિની વિરોધમાં ભરમાવવામાં આવે તો તે પણ ભરમાઈ જાય અને યોગ્ય વ્યક્તિને સાઈડ ઉપર કરવાની પ્રક્રિયા શરૂ કરી દે છે. પરંતુ પોતે તેનું સંશોધન કરી અને યોગ્ય નિર્ણય લેતા હોય તો કોઈ વ્યક્તિને અન્યાય થઈ શકે નહીં. સરકારને સારું કામ કરી શકે તેવા વ્યક્તિઓની જરૂર જ છે. પરંતુ તમને જે લાવ્યા હોય તેને તમે કેમના ભૂલી શકો? જે થાળીમાં ખાવાનું હોય તેમાં થૂંકી ના શકાય! ઘણી વખતે જાતિવાદનું રાજકારણ ચાલતું હોય છે. આવું અનિષ્ટ અવારનવાર જોવા પણ મળે છે. આવુ થવું જોઈએ નહીં. કાર્ય કરનાર વ્યક્તિને જ અચૂક તક મળવી જોઈએ. કર્મ એ ધર્મ છે. આવી ભાવના સમાજમાં સ્થાપિત થવી જોઈએ. હવે ભલમાનસાઈનો જમાનો રહ્યો નથી. તમારી જોડે સારી સારી વાતો કરે અને તમારા વિક પોઈન્ટ અધિકારીઓના કાનમાં ભરી તેમની લીટી લાંબી કરનારા અનેક છે. આવા લોકો સમાજમાં શું સુધારો કરવાના છે. સ્પર્ધા હોવી જોઈએ, દ્વેષ કે કાવાદાવા ન હોવા જોઈએ.

શિક્ષણ જેવા પવિત્ર વ્યવસાયમાં મને અથવા કમને આવા પ્રપંચી કાર્ય ન થતા જોઈએ. કાર્ય જ પરમાર્થ હોવું જોઈએ. સમાજના લોકો પોતાના કર્મને ધર્મ સમજીને સેવા કરે તો તેનો હિસાબ પ્રભુ ચોક્કસ આપે છે. સેવા કરવાનો ભાવ તમારા જીવનની યાત્રાને વ્યાપક બનાવશે. આપણે સારા કાર્યો અને સમાજ ઉપયોગી કાર્ય કરવા માટે કટિબદ્ધ બનવું જોઈએ. કેળવણીનું કાર્ય કેળવવાનું છે. પરંતુ જેની પાસે વધારે કેળવણી છે તે મહાપુરુષો સારા પાસા કરતાં નકારાત્મક પાસાઓનો વધારે વિચાર કરે છે. શિક્ષક જેવા પવિત્ર વ્યવસાયની ગરીમા સ્વયં શિક્ષકોએ જાળવવાની છે. ફાઈલો વચ્ચે જીવન જીવવા કરતા પુસ્તકો વચ્ચે જીવન જીવવાની અનેરી મજા છે. કેટલીક સરકારી કચેરીઓમાં શિક્ષકોને સન્માન હોવું જોઈએ તે મળતું નથી તે ચિંતાનો વિષય છે. બે પરીક્ષા આપીને પાસ થયેલા અધિકારીઓને કોઈક શિક્ષકે જ ભણાવ્યા હશે તે કેન્દ્રસ્થાને રાખે તો આ સ્થિતિ ઉદભવે નહીં. ઉપયોગ કરવાનો જે હેતુ છે ત્યારબાદ હું કોણ અને તું કોણ ત્યાં કેળવણીની વ્યાખ્યા નષ્ટ થઈ જાય છે? બસ બધાએ એટલું ધ્યાન રાખવાની જરૂર છે કે કરેલા કર્મોની સજા અહીંયા જ મળવાની છે. તમને જે ઉપયોગી બન્યા હોય તેનો હાથ પકડી રાખજો. તે તમને આખી જિંદગી પકડી રાખશે. એટલું યાદ રાખજો બાકી જેણે આંગળી પકડી છે તેને કાપવા જશો તો તમારો હાથ જતો રહેશે. વંદે માતરમ ભારત માતાકી જય. ■

Mo.9825702282

# "આધુનિક માતૃત્વ"



આધુનિક માતાઓ પોતાના ફીગરની ચિંતા વધારે કરે છે તેથી તે માતા બનવા માટે ઝડપથી તૈયાર થતી નથી. તેઓ એવું માને છેકે માતા બનવાથી પોતાનું શરીર ઘસાઈ જશે અને ફીગર બરાબર જળવાશે નહિં આવુ વિચારીને તે મોટી ઉંમરે માતા બને છે. જે ઘણું મોડું થઈ જાય છે. જેથી તેનું શરીર વધારે નબળું બને છે. આધુનિક માતા પોતાના બાળકને જન્મ આપ્યા પછી ધાવણ ધવડાવતી નથી કારણકે તેમનું દૈહિક સૌંદર્ય બગડવાનો તેમને ભય લાગે છે. આથી તેઓ તેમના વિકાસમાં બેબી ફૂડ આપે છે. તેથી તેઓ ભૂલી જાય છે કે, માતાના ધાવણથી પોતાના બાળકનું શારિરીક બંધારણ આજીવન મજબૂત બને છે. બેબીફૂડ કેન્સરનું જનક બનવાની વાત તબીબોએ જાહેર કરી છે. ધાવણ નહીં આપવાથી સ્તનમાં દુધ ગંઠાઈને કેન્સરની ગાંઠ બને છે અને માતા સ્તનના કેન્સરની ભોગ બને છે. જેથી માતાએ બાળકના જન્મ પછી તરત જ બાળકને સ્તનપાન કરાવવું જોઈએ. જેથી તેને સ્તનની ગાંઠ ન થાય અને બાળકની રોગપ્રતિકારક શક્તિ વધે. આધુનિક માતાઓ કોઈની ગુલામ બનવા માંગતી જ નથી. આધુનિક માતાઓ પોતાનો સમય ક્લબોમાં અને કીટી પાર્ટીમાં તથા પતા રમવામાં વિતાવે છે. ઘણીવાર માતાપિતા એટલા રચ્યા પચ્યા હોય છે, કે હઠે ભરાયેલા બાળકોને શાંત કરવા માટે મોંઘાદાટ રમકડાં આપે અને તાત્કાલિક પ્રશ્ન ઉકેલી નાંખે. પછી માતા-પિતા અને બાળકોના લાગણીઓના તંતુ જોડાતા નથી, જેથી માતા-પિતા અને બાળક એકબીજા પ્રત્યે દુર્લક્ષ સેવે છે, એકબીજા માતાપિતા બાળકની અને બાળક માતાપિતાની લાગણીને સમજી શકતા નથી, જેથી માતા-પિતા બાળકોને નાના હોય ત્યારે ઘોડિયાઘરઘરમાં મૂકી આવે તેમ બાળકો મોટા થતા માતા-પિતાને વૃધ્ધાશ્રમમાં મૂકી આવે છે. વૃધ્ધાશ્રમમાં એજ વડીલો વધારે આવે છે જેમણે તેમના દીકરા- દીકરી પ્રત્યે દૂર્લક્ષ સેવ્યુ હોય. આધુનિક સમાજમાં વધારે પડતી સુધરેલી સ્ત્રીઓ લગ્ન કરવા નથી માગતી અને લગ્ન કરે તો બાળકનો જન્મ થવા દેવામાં નથી માનતી અને જન્મ થઈ જાય તો તેને બાળકને સારી રીતે ઉછેરવામાં રસ નથી હોતો. કેમ કે, સંતાનોને એ તેના વિલાસી જીવન પંથે પડેલો મોટો પથ્થર સમજે છે. આયા પાસે ઉછરતા બાળકો આયાને વધુ જોતા હોય તો આયાનું અનુકરણ કરે છે. વધુ સમય ઘોડિયાઘરમાં ઉછરતા સંતાનોને મમ્મીનું વહાલ ન મળે, સ્મિત ન મળે, આંખોનું અમી ન વરસે, ભીની ભીની ચુંબનોની રમઝટ ન બોલાય, આલિંગનનો આનંદ ન પમાય, માના પ્રેમથી વંચિત રહી જાય તેવાં બાળકો મોટા થતા ડિપ્રેશનનો ભોગ બને, કુસંગે ચડતાં દારૂ, જુગાર કે ડ્રગના બંધાણી બને, સમાજના ખૂંખાર ગુંડાઓ બને. વિદેશી બાળકો કે જેમની પાસે પહેલેથી હથિયારો હોય તે એમ વિચારે છે કે, જેમણે તેમને બાળપણમાં હેરાન કર્યા હોય તેમને તે બંદૂકની ગોળીઓથી વિંધવાનું વિચારે છે, અને લાગ મળે ત્યારે ગોળીબાર પણ કરતા હોય છે, બાળકોમાં સહનશક્તિનો અભાવ હોય છે. વિદેશોમાં છાશવારે આવી ઘટના જોવા મળતી હોય છે. હવે, આવી ઘટનાઓમાંથી વિદેશોના સમજદાર માતાપિતા પણ પોતાના બાળકોની લાગણી સમજવાનો પ્રયત્ન કરતા થયા છે, જેથી તેમનું અને તેમના બાળકોનું ભવિષ્યનું જીવન ઉજ્જવળ બને. વિદેશોના અમુક રાષ્ટ્રોમાં સમૃધ્ધિની રેલમછેલ છે, પણ જો બાળકો માટે સમય ન ફાળવવાના લીધે જીવનમાંથી શાંતિ, ચિતમાંથી પ્રસન્નતા, કૌટુંબિક જીવન અને શારીરિક આરોગ્ય તળિયે જઈને બેઠા છે. જેથી, આપણા સુધરેલા સમાજના લોકો જે વિદેશોનું અનુકરણ કરતા હોય તેમણે વિદેશને બદલે આપણી સંસ્કૃતિને અનુસરવું જોઈએ. ખોટી ઝાકઝમાળમાં અંજાવુ ન જોઈએ અને પોતાના બાળકો માટે સમય ફાળવવો જોઈએ. કવિ ઝવેરચંદ મેઘાણીએ લખ્યું છે કે, " લાગ્યો કસુંબીનો રંગ –

રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ !
જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા
પીધો કસુંબીનો રંગઃ
ધોળા ધાવણ કેરી ધારાએ ધારાએ
પામ્યો કસુંબીનો રંગ".

જેથી આધુનિકતા તરફ અંજાયા વગર બાળકોના યોગ્ય વિકાસમાં જેટલો વધુ સમય ફાળવી શકાય તેટલો સમય ફાળવવો જોઈએ. ■ hemangidmehta@gmail.com

વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

# આવ બકા આવ. કેમ રહ્યું આજનું સવાર ?




"આવ બકા આવ. કેમ રહ્યું આજનું સવાર ? ગુડ મોર્નિંગ??"

"ના બોસ, ના. આજનું સવાર ગુડ મોર્નિંગ નથી."

"કેમ કેમ !?? તારા સવારને વળી શું થયું? અમારા બધાનું સવાર ગુડ થયું. તો પછી તારું સવાર કેમ બેડ !!"

"બોસ વાત જ કંઈક એવી છે કે..."

"એ..લા ભાઈ ચૂંટણી આવીને ગઈ અને હવે નાની નાની ચૂંટણી તો આવ્યા જ કરશે. અને મુખ્યમંત્રી ય હવે ધાર્યા 'તા ઈ જ ગોઠવાઈ ગયા છે. હવે ઈ હંધાય એનું કામ કર્યા કરશે. તું આટલું ટેન્શન કેમ કરે છે."

"બોસ મને ચૂંટણી કે મુખ્યમંત્રીનું ટેન્શન નથી અને ઈ આપડી લેન પણ નથી. અને એમાં હાસા માણહનું કામ પણ નથી. આપણે રહ્યા દેશી માણહ. આપણે તો મત આપી જાણીએ."

"તો પછી તને ટેન્શન શાનું છે? ઘરવાળી કાંઈ બોલી??"

"બોસ, એનું બોલવાનું હવે કોઠે પડી ગયું છે. આ કાને હાંભળીને બીજા કાને કાઢી નાખવાનું. અને આવા સફરજન તો હવે ઘરે ઘરે છે."

"તો પછી વાત હું છે ? ઈ ફોડ પાડીને બોલને."

"બોસ, ગુલાબી કલરની નોટ હવે હાલે છે?"

"એટલે તું રૂપિયા બે હજારની નોટની વાત કરે છે??"

"હા હા ઈ જ નોટ."

"બકા, તારી જાણ માટે કહી દવ કે, આ રૂપિયા બે હજારની નોટ સરકારે બંધ કરી તારીખ ૧૯ મે ૨૦૨૩ ના દિવસે. અને ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીમાં પરત જમા કરાવવાની હતી. અને હવે તો ૩૦ સપ્ટેમ્બર ૨૪ પણ ગઈ. પણ હવે તારે ગુલાબી નોટનુ શું છે ?? કાળા નાણાં વાળાને ત્યાં કદાચ ! આવી નોટોના ઢગલાં મળી આવે. અને તારે તો કોઠલે બાજરો 'ય ખૂટી પડે છે એમાં ગુલાબી નોટનુ ટેન્શન કેમ આવ્યું?"

"કોઠલે બાજરો ખૂટ્યોને એટલે જ તો ટેન્શન આવ્યું."

"કાંઈ હમજાય એવું બોલ બકા. બાજરો લીલા કલરનો હોય અને તું ગુલાબી કલરની વાત કરે છે."

"બોસ વાત જાણે એમ છે કે, કોઠલે બાજરો ખૂટ્યો એટલે મેં અંદર હાથ નાખ્યો. તો થોડા બાજરા હારે હારે કેટલીક ગુલાબી નોટો 'ય આવી.

ઘરવાળી કે તી 'તી કે, કટકીનો માલ છે .ભુલાય ગ્યું 'તું. પણ બોસ ! હવે આનું કરવું શું ?? આજ હવારથી આ ટેન્શન છે. અમારે નાના માણહને તો આટલા રૂપિયા એટલે ગાડુંએક ગણાય. પણ ! ખાટલે મોટી ખોટ કે, હકાવવા ક્યાં જાવા !??

ગામની દુકાન વાળા તો કલર જોઈને જ ના પાડી દે છે. હવે તમે જ કોઈ રસ્તો આપો."

"બકા ! આના માટે તારે ભોપાલ જાવું પડે."

"ભોપાલ ? ઓલ્યા કાંડવાળુ ભોપાલ??"

"હા હા. ઈ જ ભોપાલ."

"તો તો ચકલી નાની ને ફડ્યકો મોટો જેવું થાહે.

હોના કરતાં ઘડામણ વધી જાહે. પણ ન્યાં ઠેઠ કેમ ??"

"જો, ન્યાં રાજીવનગરની બસ્તીને રોજ બસો ટોકન આપે છે અને સો ટોકન બીજાને આપે.

હવે સો ટોકનમાં તો તારો વારો મહિને આવે. એના કરતાં બસ્તી વાળાને રૂપિયા બસો પકડાવી દેવાના. ન્યા આવો રોજનો ધંધો હાલે છે. બસ્તીવાળા આ જ કામ કરે છે. તારી નોટ બદલી જાહે."

અભણ અમથાલાલને આ વાત ગળે ઉતરતી નોંતી. એમણે વાતનો ફોડ પાડ્યો.

"ગુલાબી નોટ બદલવા માટે આધાર કાર્ડ જરૂરી છે.

બસ્તીવાળા રિઝર્વ બેન્ક કરતા મોટા છે ? એકને એક કાર્ડ કેટલીવાર હાલે ? અને સીસી કેમેરા હોય ઈ અલગ."

"અમથાલાલ તમારી વાત હો ટકા હાસી છે. છતાંય આ બેન્ક રોજ આવા રૂપિયા ચાલીસ લાખ બદલી આપે છે. બદલવાવાળા બસ્તીવાળા એક ના એક જ હોય છે. હા, કાળા નાણાં વાળાં રોજ સફેદ કરીને ફરી જાય છે. "

"તો તો પછી સરકાર, નેતાઓ, બેન્ક અને એજન્ટો હૌ હારે મળીને કાળા નાણાં ધોળાં કરે છે."

"મને તો લાગે છે કે, કાળાં ના ધોળા તો કરે જ છે. હારે હારે સરકારનેય ચૂનો ચોપડીને ધોળું કરે છે."

"આને જોવા વાળું કોઈ નહીં હોય ??"

"મને લાગે છે કે, આ બધું રીંગણા માયલું છે."

"રીંગણા માયલું !? ઈ વળી શું?" "રીંગણાં લઉં બે ચાર ? લે ને દસ બાર !!" ■ kalubhaibhad123@gmail.com

લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

# પ્રેમલગ્નો શા માટે નિષ્ફળ જાય છે ?



આપણે અત્યારે સુશિક્ષિત સમાજમાં જીવી રહ્યા છીએ. અત્યાર સુધીમાં આપણે કેટલીયે લગ્નવિધિઓ, અનેક લગ્ન સમારંભ નિહાળ્યા છે. તેમાંના ૪૦% થી ૫૦% જેટલાં લગ્નો પ્રેમલગ્નો હશે. પ્રેમ એ બે વિજાતિય વ્યક્તિઓ વચ્ચે જાગતું આકર્ષણ અને હૃદયમાં જાગતી ઉર્મિ છે. આવો અનુભવ એ બે વ્યક્તિઓ ખાસ પ્રકારની પરિસ્થિતિઓમાં કરે છે. આ પરિસ્થિતિઓ કેવી હોય છે ?

સહપાઠીઓ :-

એક જ વર્ગમાં અભ્યાસ કરતા બે વિજાતિય વિદ્યાર્થીઓ વચ્ચે આવું આકર્ષણ અને લાગણી જાગી શકે છે. જેની અભિવ્યક્તિ ચિઠ્ઠીઓથી થતી હોય છે.

સંબંધીઓ કે ઓળખાણ :-

લગ્નના પ્રસંગમાં એકમેકને જોવાની ઘણી તકો ઊભી થાય છે. પ્રથમ નજરનો પ્રેમ (આવા પ્રસંગોમાં) તેઓને ફરી મળવા પ્રેરે છે.

કામનું એક સ્થળ :-

એક જ ઓફિસમાં કામ કરતા બે વિજાતિય કર્મચારીઓ વચ્ચે ચૂપચાપ પ્રેમની લાગણી ઊભી થાય છે.

ઈલેક્ટ્રોનિક - કમ્યુનિકેશન :-

આ યુગ કમ્પ્યુટરનો યુગ છે. તેથી નવા મિત્રો બનાવવા માટે સોશ્યલ નેટવર્ક - સાઈટ્સ અસ્તિત્વમાં આવી છે. આ માધ્યમ દ્વારા થતી ઓળખાણો ઘણીવાર મિત્રતા અને પછી પ્રેમમાં પરિણમે છે. તે પછી તેઓ રૂબરૂ મળવા પ્રયત્ન કરે છે.

આયોજિત લગ્ન :-

ઘણીવાર માતા - પિતા દ્વારા નક્કી થયેલો સંબંધ લગ્ન સુધી પહોંચતા પહેલાં છ - બાર મહિના સુધી સગાઈરૂપે રહે છે. તે સમય દરમ્યાન યુવક - યુવતી એકમેકને મળીને પરિચય કેળવે છે. પરિચય વધ્યા બાદ આ સંબંધ પ્રેમસંબંધમાં પરણમી શકે છે.

પ્રેમ શું છે ?

દરેક વ્યક્તિની દ્રષ્ટિએ પ્રેમની વ્યખ્યા જુદી હોય છે. પ્રેમનું કોઈ એક નિશ્ચિત સ્વરૂપ નથી હોતું. લગ્નપ્રથા સદીઓ જૂની પ્રથા છે. દરેક વ્યક્તિ પ્રેમને પોતાની દ્રષ્ટિ, અનુભવ અને સામાજિક મોભા પ્રમાણે મૂલવે છે. કેટલાંકના મતે પ્રેમ એ ત્યાગ અને સમર્પણ છે, તો કેટલાંકના મતે આત્માની ઓળખ છે. કેટલાંકના મતે તે એકમેક માટે જીવવા-મરવાની ભાવના છે. જોકે આજે કદાચ આ વાત સાથે ઘણાં લોકો સંમત નહિ થાય. આજે આ પ્રકારની ભાવના કે લાગણીનું પ્રમાણ ઘટી ગયું છે. કદાચ તેથી જ પ્રેમલગ્નો નિષ્ફળ જવાનું પ્રમાણ વધી ગયું છે.

નિષ્ફળતા પાછળના કારણો :-

વિશ્વ આજે ખૂબ ઝડપથી પરિવર્તન પામી રહ્યું છે. જીવન જીવવાની રીત અને લક્ષ્ય હાંસલ કરવાની ઝડપ હવે ખૂબ વધી ગઈ છે. પ્રેમલગ્નો નિષ્ફળ જવાના કારણો ધીમે ધીમે વધતા જવાના છે. આ કારણોમાં નીચે દર્શાવેલી બાબતો જવાબદાર હોઈ શકે છે.

- બંને વ્યક્તિ વચ્ચેની નિકટતા કેટલાંક ગુપ્ત બાબતોને ખુલ્લી કરે છે. સંવનકાળ દરમ્યાન જે નિકટતા નથી આવતી તે નિકટતા લગ્ન બાદ આવે છે. તેથી લગ્ન ના થાય ત્યાં સુધી પરસ્પરની અંગત કે ગુપ્ત બાબતો દેખાતી નથી. દિવસ - રાત સાથે રહેવાને કારણે બંને વ્યક્તિઓ એકબીજાના વિવિધ પાસાંઓને રોજેરોજ જાણતી જાય છે. આમાંની કેટલીક બાબતો તેઓને વિસ્મય પમાડે છે, મૂંઝવણમાં મૂકે છે. ઉપરનો ચળકાટ ઉતરી જઈને અંદરની ઝાંખી સપાટી જે રીતે નજર આવે તેનો અનુભવ બંનેને થાય છે.

- સંવનનકાળ દરમ્યાન બંને પાત્રો પોતાનું શ્રેષ્ઠ રૂપ પ્રદર્શિત કરે છે. આથી સાચું સ્વરૂપ ઢંકાઈને રૂપાળી બાજુ જ વ્યક્ત થાય છે. બંને પક્ષોને પરસ્પરનું ફૂલગુલાબી રૂપ દેખાય છે. આવા ઉપલકીયા રૂપને બંને સાચું માનીને ભવિષ્યના સોનેરી સ્વપ્નો જોવા માંડે છે.

સંવનનકાળ દરમ્યાન બંને પાત્રો મુખ્યત્વે હરવા-ફરવાની પ્રવૃત્તિ કરતા હોય છે. મૂવી જોવા, પાર્કમાં જવું, ખરીદી કરવી, રેસ્ટોરામાં જવું વગેરે જેવી પ્રવૃત્તિઓમાં સમય વ્યતિત થતો હોય છે.

જીવનની વાસ્તવિકતાઓ પર તેઓ જવલ્લે જ ધ્યાન કેન્દ્રિત કરે છે. લગ્ન પછી આવનારી જવાબદારીઓ વિષે તેઓ વિચારતા નથી.

વાસ્તવમાં સંવનન કારળ દરમ્યાન તેઓએ ભવિષ્યની જવાબદારીઓ સારી રીતે પૂરી કરવા માટે આયોજન કરવું જોઈએ. આ કામ દરમ્યાન તેઓ એકબીજાની મર્યાદાઓ અને નબળાઈઓથી માહિતગાર થઈ શકે છે. તેઓએ કોની સાથે રહેવાનું છે અને કેવી પરિસ્થિતિઓનો સામનો કરવો પડશે તેની જાણકારી તેઓને થઈ જાય છે.

એક યુવકે તેની પ્રેમિકાને સંવનનકાળ દરમ્યાન જ પોતાના કુટુંબની જવાબદારીઓ અંગે વાત કરી. તે સાંભળીને યુવતી આશ્ચર્યમાં પડી ગઈ. પરંતુ પછી તે આખી પરિસ્થિતિને સારી રીતે સમજી ગઈ અને બાદ તે યુવતીને કોઈ તકલીફ પડી નહિ. તેને પોતાના પતિનો કુટુંબપ્રેમ ખૂબ સારો લાગ્યો અને આવો પતિ પોતાને મળવા બદલ તે કૃતજ્ઞતા અનુભવી શકી.

- શ્રધ્ધા - વિશ્વાસની ઉણપઃ-

પ્રેમલગ્ન બાદ થોડાં જ મહિનાઓમાં પત્નીનો પતિ પર વિશ્વાસ ઘટવા માંડે છે. યુવકની કૌટુંબિક સ્થિતિ અને જવાબદારીઓ વિષે યુવતી અવગત ન હોવા છતાં તે પોતાના પતિમાં વિશ્વાસ રાખીને જ લગ્ન કરવા તૈયાર થાય છે. લગ્ન પછી જયારે કેટલીક તકલીફદાયક બાબતો સામે આવે છે ત્યારે તેનો પોતાના પતિ પરથી વિશ્વાસ ઉઠી જાય છે.

- પ્રેમી-યુગલને એકબીજા પાસેથી ઘણી અપેક્ષાઓ હોય છે. બંનેનો પરિચય જૂનો હોવાથી બંને એકમેક પર ઘણો વિશ્વાસ રાખતા હોય છે. આ અપેક્ષાઓ પૂરી ના થાય ત્યારે તેઓના મનમાં અસંતોષ જાગે છે. આ અસંતોષ જો લાંબો સમય રહે તો તે લગ્નના બંધનને નબળુ પાડે છે. (ક્રમશઃ) ■ sanjogpurti@gmail.com

જીવન તરંગ
જયસ્વી પટેલ

# ફૂલનું અભિમાન



એક સુંદર બગીચો હતો. એમાં જાતજાતના વિવિધ રંગના ફૂલ ખીલ્યા હતા. રંગીન ફૂલોથી બાગ સુંદર શોભતો હતો. બગીચામાં લીલુંછમ ચમકદાર ઘાસ પણ પથરાયેલું હતું. સુંદર રંગીન ફૂલ અને લીલાછમ ઘાસથી બગીચો રમણીય બન્યો હતો. ધીમા ઠંડા પવનમાં ફૂલ ધીરે ધીરે ઝૂલતાં અને ઝૂમતાં હતા. બધા ફૂલને પોતાના સુંદર રંગ અને સુગંધનું ઘણું અભિમાન હતું.

એક દિવસ ફૂલ ઘાસની તરફ જોઈને બોલવા લાગ્યું, "હે ઘાસ, તું નક્કામું ને સાવ સામાન્ય છે! તારે નથી સુંદર રંગ કે નથી અમારા જેવી સુગંધ! છટ, તું જરાય દેખાવડું નથી કે નથી કોઈ રીતે ઉપયોગી. તારા કરતાં તો અમે ફૂલ ઘણી બધી રીતે શ્રેષ્ઠ છીએ."

ઘાસને ધૂત્કારતા ફૂલ બોલતું જતું હતું. જ્યારે ઘાસ ઘણું શાંત હતું. તે નમ્રતાથી બોલ્યું, "ફૂલભાઈ, હું માનું છું કે અમે તારા જેવા સુંદર નથી. પણ પ્રકૃતિમાં સૌનું પોતાનું આગવું સ્થાન અને મહત્ત્વ છે. અમે ઘાસ ઘણી રીતે ઉપયોગી છીએ. અમે સહનશીલતા અને સાદગીનું પ્રતિક છીએ. આપણે સૌ પ્રકૃતિ માટે જરૂરી છીએ."

ઘાસની વાત સાંભળી ફૂલ હસ્યું અને બોલ્યું, "તમે નાહકના વધો છો ને જ્યાં ત્યાં ફેલાતા રહો છો. તમે ફેલાઈને બધી જમીન ઢાંકી દો છો. એટલે જ તો લોકોને તમે જરાય ગમતા નથી ને લોકો તમને ઉખાડી ફેંકે છે. તમને કોઈ જરાય પસંદ નથી કરતું."

અભિમાની ફૂલની વાત ઘાસ શાંતિથી સાંભળતું હતું. ઘાસ ફરીથી શાંત જ રહ્યું. ઘાસ મલક્યું અને શાંતિપૂર્વક બોલ્યું, "હે ફૂલભાઈ! ભલે તમને હું પસંદ હોઉં કે ન હોઉં! છતાં અમે અમારું કામ કરતા રહીશું."

એમ કરતાં દિવસો વીતતા ગયા. એક સવારે જોરદાર પવન ફૂંકાયો. વાવાઝોડામાં બગીચાનાં ફૂલોનાં નાજુક છોડ નમી ગયા ને ઉખડી ગયા. પાંખડીઓ પણ ઊડી ગઈ. કેટલાંય ફૂલ જમીન પર પડી ગયાં. જ્યારે પેલું ઘાસ હજુ પણ એમ જ અડગ ઊભું હતું. ભારે પવનમાં હજુ પણ એ એમ જ ટકી રહ્યું હતું.

હવે ફૂલને બધી હકીકત સમજાઈ ગઈ ને બોલ્યું, "ઘાસભાઈ, ખરેખર તમારી સહનશીલતા, મજબૂતાઈ અને નમ્રતાને હું વંદન કરું છું. તમે અમને નવી દિશા બતાવી છે."

હવે ઘાસ અને ફૂલ સાથે મળીને બગીચામાં રહેતા ને બગીચાની શોભા વધારતા હતા. ■

Mo 9099172177

રે વાર્તા!
મનીષ સુથાર

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "।. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# આવતીકાલથી રાજ્યમાં ખેલ મહાકુંભનો પ્રારંભ

**ગત વર્ષે ૬૬ લાખથી વધુ રમતવીરોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું**

ગાંધીનગર,તા.૦૩

રાજ્યના રમત ગમત મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના યુવાનો રમતગમત ક્ષેત્રે પોતાની કારકિર્દી ઘડી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું નામ રોશન કરે તે આશયથી વર્ષ -૨૦૧૦માં શરૂ કરેલ ખેલ મહાકુંભ ૩.૦ તા.૫ ડિસેમ્બર થી ૩૧ માર્ચ ૨૦૨૫ના રોજ યોજાશે. મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાનાર ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત ૩૯ રમતો, ૩૨ ઓલમ્પિક સ્પોર્ટ્સ, ૭ ઈમર્જિંગ સ્પોર્ટ્સ અને સ્પે. ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત ૨૫ પેરા સ્પોર્ટ્સ જેવી રમતોનું આયોજન કરવામાં આવનાર છે. વધુમાં હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી



દ્વારા રાજ્યમાં વર્ષ-૨૦૧૦માં ખેલ મહાકુંભની શરૂઆત કરવામાં આવી હતી. તેનો મુખ્ય આશય યુવાનોમાં રમતગમત પ્રત્યે વધુ જાગૃતિ આવે, શારિરીક તંદુરસ્તી જળવાઈ રહે અને ગુજરાતમાં રમતગમતની સંસ્કૃતિનો વિકાસ થાય તે હેતુથી ખેલ મહાકુંભનું ગ્રામ્યકક્ષાથી રાજ્યકક્ષા સુધીની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વર્ષ -૨૦૧૦માં ૧૬ રમતોથી શરૂ થયેલ ખેલ મહાકુંભ વર્ષ ૨૦૨૩-૨૪માં ખેલ મહાકુંભ ૨.૦માં ૩૯ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ખેલ મહાકુંભ ૨.૦ માં રેકોર્ડ બ્રેક ૬૬ લાખથી વધુ ગુજરાતના રમતવીરોએ ઉત્સાહપૂર્વક રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.

# તમિલનાડુમાં બે દિવસ ભારે વરસાદની આગાહી, પુડુચેરીની શાળાઓમાં રજા જાહેર

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩

દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કેરળ અને પુડુચેરીના અનેક જિલ્લાઓમાં આગામી બે દિવસ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. પુડુચેરીની શાળાઓ અને કોલેજોમાં મંગળવારે રજા જાહેર કરવામાં આવી છે. ડિસેમ્બર મહિનો શરૂ થઈ ગયો છે પરંતુ દિલ્હી-એનસીઆરમાં તીવ્ર



ઠંડી નથી. આ વખતે ડિસેમ્બરની શરૂઆતમાં દિલ્હી-એનસીઆર સહિત ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં તીવ્ર ઠંડી સાથે ધુમ્મસ નથી. ભારતીય હવામાન વિભાગ અનુસાર, આગામી દિવસોમાં ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. આ પછી અહીં કડકડતી ઠંડી શરૂ થશે. જો આપણે પર્વતીય રાજ્યોની વાત કરીએ તો, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરના ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા થાય છે. તે જ સમયે, દિલ્હીમાં સવારે ૭ વાગ્યે લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત કેન્દ્રીય મંત્રીઓએ 'ધ સાબરમતી રિપોર્ટ' નિહાળી

નવીદિલ્હી,તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે તેમના કેબિનેટના સાથીદારો અને ભાજપના સાંસદો સાથે ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' જોઈ. વડાપ્રધાને સંસદ લાયબ્રેરી બિલ્ડીંગ સ્થિત બાલયોગી ઓડિટોરિયમમાં વિક્રાંત મેસી અભિનીત આ ફિલ્મ જોઈ હતી. દિગ્ગજ અભિનેતા જિતેન્દ્ર અને રાશિ ખન્ના સહિત કેટલાક અન્ય કલાકારોએ પણ આ ફિલ્મ જોઈ અને પછી પત્રકારોને જણાવ્યું કે મોદીએ તેમને કહ્યું કે વડાપ્રધાન બન્યા પછી આ પહેલી ફિલ્મ હતી જે તેમણે જોઈ હતી. મોદીની સાથે કેન્દ્રીય મંત્રી અમિત શાહ, રાજનાથ સિંહ, નીતિન ગડકરી અને હિન્દુસ્તાની આવામ મોરચાના વડા જીતન રામ માંઝી સહિતના અન્ય નેતાઓ હાજર હતા. ધીરજ સરના દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ ગોધરા ખાતે સાબરમતી એક્સપ્રેસ ટ્રેનમાં આગ લાગવાની ઘટના પાછળના સત્યનો પર્દાફાશ કરવાનો દાવો કરવામાં આવ્યો છે .

# મોહમ્મદ યુનુસ બાંગ્લાદેશમાં હિન્દુઓના નરસંહારનો માસ્ટરમાઈન્ડ: શેખ હસીના

(એચ.એસ.એલ),ઢાકા,તા.૩

બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓ સામે હિંસા ચાલુ છે. સમગ્ર વિશ્વમાં કૃષ્ણ ભક્તિનો પ્રચાર કરતી સંસ્થા ઈસ્કોન સાથે સંકળાયેલા સંત ચિન્મય કૃષ્ણદાસને જેલમાં મોકલી દેવામાં આવ્યા છે. તેના પર હિંસા ભડકાવવાનો આરોપ છે. બાંગ્લાદેશના હિંદુઓમાં પણ આની સામે રોષ છે. દરમિયાન પૂર્વ પીએમ શેખ હસીનાએ આરોપ



લગાવ્યો છે કે બાંગ્લાદેશમાં થઈ રહેલ નરસંહાર માટે વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસ જવાબદાર છે. શેખ હસીનાએ તો મોહમ્મદ યુનુસને બાંગ્લાદેશમાં લઘુમતીઓ સામેની હિંસાનો માસ્ટરમાઈન્ડ પણ ગણાવ્યો છે. શેખ હસીનાએ અવામી લીગના એક કાર્યક્રમને વર્ચ્યુઅલ રીતે સંબોધિત કરતા કહ્યું કે મંદિરો અને ચર્ચો પર થયેલા હુમલા પાછળ મોહમ્મદ યુનુસનો હાથ છે. તે આ ઘટનાઓ પાછળ માસ્ટરમાઈન્ડ તરીકે કામ કરી રહ્યો છે. ૫ ઓગસ્ટે તખ્તાપલટ બાદ ભારત આવેલા શેખ હસીનાએ કહ્યું, 'આજે મારા પર નરસંહાર કરવાનો આરોપ છે.

# ગુજરાત પોલીસના સ્નિફર ડોગે અથાણા અને રસગુલ્લાના ડબ્બામાં સંતાડેલો ગાંજાનો જથ્થો પણ શોધી કાઢ્યો!

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૩

ગુજરાત પોલીસના સ્નિફર ડોગ ટીમે એન.ડી.પી.એસના બે કેસ ઉપરાંત એક હત્યા, બળાત્કાર, ઘરફોડ અને બે ચોરીના ગુનાઓ ઉકેલવામાં સફળતા મેળવી છે. સ્નિફર ડોગ્સ અને તેને તાલીમબદ્ધ કરનાર ટીમ ઉપરાંત તમામ ડોગ હેન્ડલર્સની આ કામગીરીની રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે પ્રસંશા કરી સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે. છેલ્લા ૭ મહિનામાં ગુજરાત પોલીસના 'નાર્કોટીક્સ ડોગ્સ' દ્વારા ગાંજાના જથ્થાને શોધી એન.ડી.પી. એસના બે કેસ કરવામાં આવ્યા છે, જે અંતર્ગત તા.૨૧મી ઓક્ટોબર-૨૦૨૪ના રોજ ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેનમાંથી તાલીમબદ્ધ નાર્કોટિક્સ ડોગ 'ગુલાબ'એ સ્ટીલના ડબ્બામાં અથાણા અને રસગુલ્લા મીઠાઈની વચ્ચે આખી સેલોટેપ વિંટાળીને સંતાડેલો ગાંજાનો જથ્થો શોધી કાઢ્યો હતો.

# ભેંસાણના રફાળિયા ગામનો વિદ્યાર્થી ત્રિપલ જમ્પમાં રાજ્યમાં પ્રથમ ક્રમાંકે

ભેંસાણ,તા.૦૩

ભેંસાણ તાલુકાના રફાળિયા ગામના ધોરણ ૧૧ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી સત્યજીત ભરત સિંહ ચૌહાણે ત્રિપલ જમ્પમાં ૧૩ મીટરનો જમ્પ લગાવીને ગુજરાત રાજ્યમાં પ્રથમ ક્રમ મેળવી રાષ્ટ્રીય સ્તરે પહોંચ્યો હતો. નાના એવા રફાળિયા ગામમાંથી રાષ્ટ્ર કક્ષાએ પહોંચીને ગામ અને તાલુકાનું ગૌરવ વધાર્યું છે.



તસવીર : ગોપાલ ભેંસાણીયા

૧૧મા ધોરણમાં અભ્યાસ કરતા સત્યજીતે પોતાના pt શિક્ષક અને કોચ ગોલ્ડ મેડલિસ્ટ કાંતિભાઈ રાઠોડના સતત માર્ગદર્શનથી ત્રિપલ જમ્પમાં ગુજરાત રાજ્યમાં પ્રથમ આવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો ને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ઉત્તર પ્રદેશના લખનૌમાં આવેલ ગુરુ ગોવિંદ સિંહ યુનિવર્સિટી કોલેજ ગ્રાઉન્ડમાં યોજાયેલી સ્પર્ધામાં ભાગ લીધો હતો જેમાં પણ સારું એવું પર્ફોર્મન્સ આપીને સર્ટિફિકેટ મેળવ્યુ હતું. વિદ્યાર્થી રફાળિયા ગામે આવતા ગ્રામજનો દ્વારા ઢોલ નગારા સાથે સામૈયા કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ગોંડલ માર્કેટ યાર્ડમાં ડુંગળીની અભૂતપૂર્વ આવક, રોડ પર વાહનોની લાંબી કતારો

ગોંડલ, તા.૦૩

ગોંડલ માર્કેટ યાર્ડમાં ડુંગળીની અભૂતપૂર્વ આવક નોંધાઈ છે. યાર્ડની બહાર બંને બાજુ અંદાજે ૧૬૦૦થી વધુ વાહનોની ૫ થી ૬ કિ.મી. લાંબી લાઈનો લાગી હતી. માર્કેટ યાર્ડમાં એક જ દિવસમાં ડુંગળીની ૧.૨૫ લાખથી વધુ કટ્ટાની વિક્રમી આવક જોવા મળી છે. માર્કેટ યાર્ડમાં હરાજીમાં ૨૦ કિલો ડુંગળીના ભાવ રૂપિયા ૧૫૦/-થી



લઈને ૯૦૦/- સુધીના બોલાયા હતા. યાર્ડમાં રાજસ્થાન, કર્ણાટક, મધ્યપ્રદેશ સહિતના રાજ્યના વેપારીઓ ડુંગળી ખરીદી માટે ગોંડલ આવતા હોય છે. ડુંગળીની આ અપાર માંગને પગલે ભાવમાં જોરદાર તેજી જોવા મળી છે. યાર્ડના સત્તાધીશો દ્વારા ડુંગળીની આવકને લઈને જ્યાં સુધી અન્ય કોઈ જાહેરાત ન કરવામાં આવે ત્યાં સુધી ડુંગળીની આવક સંદતર બંધ કરવામાં આવી છે. સમગ્ર સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો પોતાની જણસી વેચવા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આવતા હોય છે અને હાલમાં ડુંગળીના ભાવ સારા મળતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# જસદણનાં રણજીતગઢ ગામે પતિનાં હાથે પત્નીની હત્યા

જસદણ, તા.૦૩

જસદણ તાલુકાના રણજીતગઢ ગામે નશાખોર પતિએ લાકડાથી પત્નીને બેફામ ફટકારી તેમજ કાનમાં પહેરેલ ઘરેણું ખેંચી નાખતા ગંભીર રીતે ઘવાયેલ પત્નીએ સારવાર દરમિયાન દમ તોડતા બનાવ હત્યામાં પલટાયો છે. પ્રાપ્ત વિગત મુજબ વાડી વિસ્તારમાં રહેતા મધ્યપ્રદેશનાં ભુરીબેન ડાવરને ગતરાત્રીનાં રોજ તેના પતિ ધનસિંઘે નશામાં લાકડીથી મારકૂટ કરી કાનમાં



પહેરેલ ઘરેણું ખેંચતા સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેનું મોત થયું હતું. બનાવ અંગે મૃતકના પુત્રોએ જણાવ્યું હતું કે રાત્રે તેના માતા અને પિતા વચ્ચે કોઈક બાબતે માથાકૂટ થઈ હતી.

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૧૭૩/૨૦૨૪

અરજદાર :- શ્રી બારૈયા મંજુબેન રમેશભાઈ
સરનામું :- મું.ધારાબંદર, તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ધારાબંદર
મું.ધારાબંદર તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ધારાબંદર** ગામના શ્રી **બારૈયા મંજુબેન રમેશભાઇ** એ તેમના **પુત્ર નામે શ્રી રાકેશ રમેશભાઇ બારૈયા નો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૯** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી નરેશભાઇ એલ. મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૩ માહે. ઓક્ટોબર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૦૩/૧૦/૨૦૨૪

કોર્ટનો સિક્કો

સહી,
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## -//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//-

જન્મ નોંધ અરજી રજી.નં.૭૯/૨૦૨૪

**અરજદાર :-** (૧) શ્રી સવિતાબેન બાલુભાઈ સુતરિયા
રે. લોંકા ,તા.લીલીયા, જિ.અમરેલી
(૨) અરજદારના શોભિનીબેન બી. વોરા
ઠે.ન્યાયિકા કાનુની સહાય કેન્દ્ર. અમરેલી, જુનુ માર્કેટ યાર્ડ, સિધ્ધિ વિનાયક શોપીંગ સેન્ટર,દુકાન.૪૧/૪૨ અમરેલી,મો.૯૦૧૬૪૦૫૩૬૮

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી - વ - જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી,લોંકા, તા.લીલીયા,જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના લોંકા ગામના રહીશ શ્રી સવિતાબેન બાલુભાઈ સુતરિયાએ તેમના પુત્ર કિશોરભાઈ બાલુભાઈ સુતરિયાનો જન્મ લોંકા મુકામે તા.૦૧/૦૬/૧૯૭૨ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી સવિતાબેન બાલુભાઈ સુતરિયાના પુત્રના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૭૨ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૧/૧૨/૨૦૨૪ના રોજ ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૭ /૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//-

જન્મ નોંધ અરજી રજી.નં.૭૫/૨૦૨૪

**અરજદાર :-** (૧) શ્રી કમુબેન બચુભાઈ ડેર
રે.સલડી ,તા.લીલીયા ,જિ.અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી શોભિનીબેન બી. વોરા
ઠે.ન્યાયિકા કાનુની સહાય કેન્દ્ર.અમરેલી,જુનુ માર્કેટ યાર્ડ, સિધ્ધિ વિનાયક શોપીંગ સેન્ટર,દુકાન.૪૧/૪૨ અમરેલી,મો.૯૦૧૬૪૦૫૩૬૮

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી - વ - જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી,સલડી, તા.લીલીયા,જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના સલડી ગામના રહીશ શ્રી કમુબેન બચુભાઈ ડેરએ તેમના પુત્રી શ્રી કંચનબેન બચુભાઈ ડેરનો જન્મ સલડી મુકામે તા.૦૧/૦૭/૧૯૬૩ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી કમુબેન બચુભાઈ ડેરના પુત્રીના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૬૩ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૧/૧૨/૨૦૨૪ના રોજ ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૭ /૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//-

મરણ અરજી રજી.નં.૧૪/૨૦૨૪

**અરજદાર :-** (૧) શ્રી સંદીપભાઈ હીંમતભાઈ સાનેપરા
રે. લીલીયા ,તા.લીલીયા, જિ. અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી - વ - જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી,લીલીયા, તા.લીલીયા,જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,શ્રી સંદીપભાઈ હીંમતભાઈ સાનેપરા રે.લીલીયા,તા.લીલીયા,જિ.અમરેલીના માતૃશ્રી સ્વ.હંસાબેન હીંમતભાઈ સાનેપરાનુ અવસાન લીલીયા મુકામે તા.૨૪/૦૪/૨૦૦૧ના રોજ થયેલ છે. જેની મરણનોંધણી રજીસ્ટરમાં તેમના મરણની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે.જેની નોંધણીની માંગણી કરતા તે બદલ સામાવાળાએ મરણનોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રીના માતૃશ્રી સ્વ.હંસાબેન હીંમતભાઈ સાનેપરાનું મરણ નોંધ સને -૨૦૦૧ માં થયેલ નથી. હાલ સરકારી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૧/૧૨/૨૦૨૪ના રોજ ૧૬:૦૦ કલાકે રાખેલ છે.તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૯ /૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//-

જન્મ નોંધ અરજી રજી.નં.૭૬/૨૦૨૪

**અરજદાર :-** (૧) શ્રી મંજુલાબેન ઉકાભાઈ દુધાત
રે. મોટા કણકોટ ,તા.લીલીયા, જિ. અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી - વ - જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી,મોટા કણકોટ, તા.લીલીયા,જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોટા કણકોટ ગામના રહીશ શ્રી મંજુલાબેન ઉકાભાઈ દુધાતએ તેમના ભત્રીજી શ્રી મુકતાબેન બુધ્ધિલાલ દુધાતનો જન્મ મોટા કણકોટ મુકામે તા.૦૧/૦૬/૧૯૭૦ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી મુકતાબેન બુધ્ધિલાલ દુધાત ભત્રીજીના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૭૦ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૧/૧૨/૨૦૨૪ના રોજ ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૭ /૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૧૭૩/૨૦૨૪

અરજદાર :- શ્રી બારૈયા મંજુબેન રમેશભાઈ
સરનામું :- મું.ધારાબંદર, તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ધારાબંદર
મું.ધારાબંદર તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ધારાબંદર** ગામના શ્રી **બારૈયા મંજુબેન રમેશભાઇ** એ તેમના **પુત્ર નામે શ્રી રાકેશ રમેશભાઇ બારૈયા નો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૯** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી નરેશભાઇ એલ. મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૩ માહે. ઓક્ટોબર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૦૩/૧૦/૨૦૨૪

કોર્ટનો સિક્કો

સહી,
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## -//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//-

મરણ અરજી રજી.નં.૧૫/૨૦૨૪

**અરજદાર :-** (૧) શ્રી કનુભાઈ માધાભાઈ રૂપારેલીયા
રે.આંબા,તા.લીલીયા, જિ. અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી અરજદારના વકીલશ્રી શોભિનીબેન બી. વોરા
ઠે.ન્યાયિકા કાનુની સહાય કેન્દ્ર.અમરેલી,જુનુ માર્કેટ યાર્ડ, સિધ્ધિ વિનાયક શોપીંગ સેન્ટર,દુકાન.૪૧/૪૨ અમરેલી,મો.૯૦૧૬૪૦૫૩૬૮

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી - વ - જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી, આંબા, તા.લીલીયા,જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,શ્રી કનુભાઈ માધાભાઈ રૂપારેલીયા રે.આંબા,તા.લીલીયા,જિ.અમરેલીના માતૃશ્રી સ્વ.મુકતાબેન માધાભાઈ રૂપારેલીયાનું અવસાન આંબા મુકામે તા.૦૯/૧૦/૨૦૦૮ના રોજ થયેલ છે. જેની મરણનોંધણી રજીસ્ટરમાં તેમના મરણની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે.જેની નોંધણીની માંગણી કરતા તે બદલ સામાવાળાએ મરણનોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રીના માતૃશ્રી સ્વ.મુકતાબેન માધાભાઈ રૂપારેલીયાનું મરણ નોંધ સને -૨૦૦૮ માં થયેલ નથી. હાલ સરકારી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૧/૧૨/૨૦૨૪ના રોજ ૧૬:૦૦ કલાકે રાખેલ છે.તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૭ /૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

# ગીર સોમનાથમાં ૧ હજાર વીઘાથી વધુની ગૌચરની જમીન પર બુલડોઝર ફેરવી દેવાયું

ગીરસોમનાથ,તા.૦૩



ગીર સોમનાથ જિલ્લાના કલેક્ટર ગેરકાયદે દબાણોને લઈને એક્શન મોડમાં છે. પહેલા તેમણે ગેરકાયદે દબાણો પર તવાઈ બોલાવી અને હવે હજારો વીઘાના ગૌચર પર થયેલા દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરી છે. ૧ હજાર વીઘાથી વધુની ગૌચરની જમીન પર બુલડોઝર ફર્યુ છે. ગીર ગઢડાના ધોકડવા ગામે દબાણો હટાવવા કામગારી તેજ કરવામાં આવી છે. પોલીસ બંદોબસ્ત વચ્ચે ૧ હજાર વીઘાથી વધુની જગ્યાઓ પર દબાણો દૂર કરવા કામગીરી હાથ ધરવામાં આવી છે. ક્યાંક ગૌચરની જમીન પર બુલડોઝર ચાલ્યાં તો ક્યાંક ઉભા પાક પર ટ્રેક્ટરો ફેરવી દેવાયાં તો ક્યાંક આંબાના બગીચાઓના ગેરકાયદે દબાણો દૂર કર્યા છે. ગૌચરની જમીન પર સ્થાનિક લોકો અને ખેડૂતોએ ગેરકાયદે કબજો કરી લીધો હતો ત્યાં તંત્રનું જેસીબી ચાલ્યું છે.

# અંકલેશ્વર જીઆઈડીસીમાં થયો બ્લાસ્ટ, ૪ કામદારોનાં કરૂણ મોત

(એચ.એસ.એલ),ભરૂચ,તા.૦૩



ગુજરાતમાં ઔદ્યોગિક અકસ્માતોની નવાઈ રહી નથી. ભરૂચના અંકલેશ્વરમાં જીઆઈડીસીમાં બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટમાં ચાર કામદારોના મોત થયા હતા. એમ ઈ પ્લાન્ટમાં સ્ટીમ પ્રેશર પાઈપ ફાટતા બ્લાસ્ટ થયો હતો. જીઆઈડીસી પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. આ પહેલા ૧૬મી ઓક્ટોબરે કચ્છના કંડલામાં એક દુર્ઘટના સર્જાઈ હતી. કંડલાની એગ્રો ટેક કંપનીમાં વેસ્ટ પ્રવાહીની ટાંકી સાફ કરવા દરમ્યાન ૫ શ્રમિકોના મોત થયાં હતા. આમ ગુજરાતમાં ત્રણથી ચાર દિવસમાં આ બીજી દુર્ઘટના બની છે. તેના થોડા સમય પહેલા કડીમાં તાજેતરમાં ભેખડ ધસી પડવાના કિસ્સામાં નવ શ્રમિકોના મોત નિપજ્યા હતા. આ દુર્ઘટના કંપનીમાં મંગળવારે રાત્રિના સાડા બાર વાગે સર્જાઈ હતી. આ ઘટના અંગે મળતી માહિતી અનુસાર, આ દુર્ઘટનામાં સુપરવાઈઝર સહિત પાંચ કર્મચારીઓના મોત થયાં હતા. આ મામલે કંડલા પોલીસ અને ફેક્ટરી ઈન્સ્પેક્ટરે વધુ તપાસ હાથ ધરી હતી.

# ત્રણ બિલ્ડર ગ્રુપને ત્યાં આયકર વિભાગના દરોડા : ૧૦ કરોડથી વધુની રોકડ અને બોગસ લોનની એન્ટ્રીઓ મળી

અમદાવાદ,તા.૦૩

આયકર વિભાગ દ્વારા દિવાળીના તહેવારો બાદ રાજયના ત્રણ બિલ્ડર ગ્રુપને ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડામાં ઈન્કમટેક્સ વિભાગની ટીમને કરોડો રૂપિયાની દસ્તાવેજ ઉપરની રકમ રોકડમાં લીધી હોય એવી ઓન મની એન્ટ્રી મળી આવી છે. સાથોસાથ ૧૦ કરોડથી વધુની રોકડ તેમજ બોગસ લોનની એન્ટ્રીઓ મળી આવી છે. ૩૪ સ્થળોએ પાડેલા દરોડામાં છ સ્થળોનો ઉમેરો થતાં હાલ ૪૦ જેટલાં સ્થળોએ દરોડાની કામગીરી ચાલુ છે. આ ઉપરાંત ૧૫ બેન્ક લોકર સીઝ કરવામાં આવ્યા છે. જે ખોલતા વધુ રોકડ, દસ્તાવેજ તેમજ દાગીના મળી આવવાની શક્યતા સેવાઈ રહી છે. આ દરોડામાં હાથ લાગેલા દાગીનાનું મૂલ્ય કઢાવવાનું ચાલુ હોવાથી આંકડો જાણી શકાયો નથી. રાજયના ત્રણ બિલ્ડર ગ્રુપ રાધે ગ્રુપ, ટ્રોગોન ગ્રુપ તેમજ ધરતી સાંકેત ગ્રુપના રાજયમાં જુદા-જુદા સ્થળોએ આવકવેરા વિભાગે દરોડાની કામગીરી હાથ ધરી હતી.

# ગુજરાતમાં સગીરાઓ સાથે દુષ્કર્મના કિસ્સાઓમાં વધારો

અમદાવાદ,તા.૦૩

અંકલેશ્વરમાં પાડોશમાં જ રહેતા પરણિત યુવકે ૧૭ વર્ષીય કિશોરીને પ્રેમજાળમાં ફસાવીને અનેકવાર દુષ્કર્મ આચર્યુ હોવાની ઘટના સામે આવી છે. જ્યારે કિશોરીને પેટમાં દુ:ખાવો ઉપડતાં માતા તેને હોસ્પિટલ લઈ ગઈ હતી જ્યાં તપાસમાં કિશોરીને બે મહિનાનો ગર્ભ હોવાનો ખુલાસો થયો હતો. ત્યારબાદ કિશોરીએ અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા આરોપી ફરાર થઈ ગયો હતો. જોકે, પોલીસે તેને સુરતથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટના જસદણ નજીક આવેલા આટકોટમાં ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં એક વિધર્મી યુવકે ૧૬ વર્ષની કિશોરીને પ્રેમજાળમાં ફસાવીને અનેકવાર દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ કિશોરીને બ્લેકમેઈલ કરી રહ્યો હોવાનો ઘટસ્ફોટ થયો છે. સરફરાજ નામનો યુવક સોશિયલ મીડિયાના માધ્યમથી કિશોરીના સંપર્કમાં આવ્યો હતો અને તેને લગ્ન કરવાની લાલચ આપી હોવાનું સામે આવ્યું છે. છોટા ઉદેપુરની સરકારી શાળાના એક શિક્ષકે ધોરણ ૯માં અભ્યાસ કરતી સગીર વિદ્યાર્થિનીની છેડતી કરી હતી. જેને લઈને શિક્ષકને સસ્પેન્ડ કરવાની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઘટનાએ સમગ્ર શિક્ષણ જગતને કલંક લગાડ્યું છે.

**આટકોટમાં લગ્નની લાલચ આપી વિધર્મીનું સગીરા સાથે દુષ્કર્મ**

# ગુજરાતમાં ચાઈનીઝ દોરી જીવલેણ બની, ત્રણ લોકોના ગળા કપાતા મોત

(એચ.એસ.એલ,સુરત,તા.૦૩

હજી તો ડિસેમ્બર મહિનો છે, ઉત્તરાયણને હજી દોઢ મહિનાની વાર છે, તે પહેલા તો ગુજરાતમાં જીવલેણ ચાઈનીઝ દોરી લોકોના જીવ લઈ રહી છે. અમદાવાદ, મહેસાણા બાદ હવે સુરતમાં ચાઈનીઝ દોરીથી ગળુ કપાતા યુવકનું મોત નિપજ્યું છે. ડિસેમ્બરની શરૂઆતમાં જ ચાઈનીઝ દોરીથી ત્રણ યુવકોના મોત થઈ ગયા છે. ત્યારે હજી આ જીવલેણ દોરો ઉત્તરાયણ સુધી કેટલાના જીવ લેશે. સુરત જિલ્લાના કિમ ગામે યુવકનું પતંગની દોરીથી ગળું કપાતા મોત નિપજ્યું હતું. શૈલેષ વસાવા નામનો યુવક પોતાની પત્ની સાથે જઈ રહ્યો હતો ત્યારે કિમ રેલવે ઓવરબ્રિજ પર ઘટના બની હતી. યુવકને કિમ સાધના હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે સુરત લઈ જવામાં આવી રહ્યો હતો. સુરત પહોંચે એ પહેલાં યુવકનું નિપજ્યું મોત નિપજ્યું હતું. યુવકનો મૃતદેહ પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ મોકલવા આવ્યો હતો. સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના સરદા ગામમાં રહેતો શૈલેષ વસાવા કંપનીમાં મજૂરી કામ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. પરિવારમાં પત્ની અને બે સંતાન છે. પત્નીની તબિયત સારી ન હોવાથી તે પત્નીને સારવાર અર્થે કિમ ખાતે હોસ્પિટલમાં લઈ ગયો હતો. ઘરે જતી વખતે કિમ બ્રિજ પરથી તેઓ પસાર થઈ રહ્યા હતા. દરમિયાન પતંગની ચાઈનીઝ દોરી આવી જતા તેમને ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાને લઈ આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્ત શૈલેષભાઈને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# સી.આર. પાટીલની પાર્ટીમાં હાજરી આપવા રાજયના તમામ મંત્રીઓ આજે દિલ્હીમાં

ગાંધીનગર,તા.૦૩



વાવ વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપની જીત બાદ કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલે ૨૩ નવેમ્બરના રોજ સુરત ખાતે પ્રદેશ પ્રમુખ તરીકેની જવાબદારીમાંથી મુક્ત કરવા સંદર્ભે નિવેદન આપ્યું હતું. જેમાં પાટીલે કહ્યું હતું કે, મારી વિદાય વસમી નહીં પરંતુ ખુશી ભરી છે. આ બાબતે તેમણે પ્રમુખપદની જવાબદારીમાંથી મુક્ત કરી અન્યને આ જવાબદારી સોંપવા માટે બે વખત રજૂઆત કરી હતી. આ નિવેદન સાથે તેમણે પ્રદેશ પ્રમુખની જવાબદારીની જેને પણ તક મળશે તેને એડવાન્સમાં અભિનંદન પણ પાઠવ્યા હતા. તેમાં પણ હવે ૪ ડિસેમ્બરે દિલ્હીમાં પાટીલ દ્વારા ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે અને તેને ફેરવેલ પાર્ટી ગણવામાં આવી રહી છે. આ ભોજન સમારંભ ખાસ કરીને ગુજરાતના નેતાઓ માટે યોજવામાં આવી રહ્યો છે.

આવતીકાલે સાંજે દિલ્હી ખાતે યોજાનારા ભોજન સમારંભમાં ગુજરાત ખાતેથી મુખ્યમંત્રી સહિત તમામ મંત્રી મંડળના સભ્યો દિલ્હી ખાતે જશે. ગાંધીનગર ખાતે સવારે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં કેબિનેટ બેઠક યોજાયા બાદ તમામ મંત્રી મંડળના સભ્યો દિલ્હી ખાતે જશે. આ ભોજન સમારંભમાં ગુજરાતના સાંસદો પણ જોડાશે. હાલ દિલ્હી ખાતે સંસદ સત્ર ચાલતું હોવાને કારણે સી.આર. પાટીલ ગુજરાત આવી શકે તેમ નથી તો બીજી તરફ તમામ મંત્રીઓ સંસદની કામગીરી જોઈ શકે એ હેતુસર આ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હોવાનું માનવામાં આવી રહ્યું છે.


# બીઝેડ ગ્રુપ જેવો કડીમાં કાંડ, શિક્ષક દંપતી-બનેવીએ ૧૦૦ કરોડનું કરી નાખ્યું

(એચ.એસ.એલ),કડી,તા.૩

રાજ્યમાં બીઝેડ ગ્રુપ દ્વારા કરવામાં આવેલ ૬ હજાર કરોડનું કૌભાંડ સામે આવ્યું છે, ત્યારે હજી આ કેસના આરોપીઓ ઝડપાયા નથી ત્યારે વધુ એક કૌભાંડ સામે આવ્યું હતું. મહેસાણાના કડીમાં વધુ એક રોકાણનું કૌભાંડ સામે આવ્યું હતું. જેમાં રોકાણના બદલામાં નફો આપવાનું કહીને શિક્ષક દંપતી-બનેવીએ ૧૦૦ કરોડથી વધુનું ઉઠમણું કર્યું હતું. કડીના એક યુવક દ્વારા ત્રણ ઈસમ સામે કડી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. કડીમાં રહેતા હાર્દિક પટેલે ફરિયાદમાં લખાવેલ માહિતી મુજબ શોભાસણ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતાં દંપતી અને તેના બનેવીએ ૮ કરોડથી વધુની છેતરપિંડી કરી હતી. જે મામલે શોભાસણ પ્રાથમિક શાળામાં શિક્ષક સુધાબેન કનૈયાલાલ પટેલ અને તેમના પતિ કનૈયાલાલ મણિલાલ પટેલ તેમજ કનૈયાલાલ પટેલના બનેવી કનૈયાલાલ શાકાભાઈ પટેલ વિરુદ્ધ કડી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો.

# ધારીના માલસિકા રેલવે ફાટક પાસે સિંહણની પજવણીનો વીડિયો વાયરલ

અમરેલી,તા.૦૩



ધારી તાલુકાના માલસિકા રેલવે ફાટક પાસે મારણ કરતી સિંહણને ખલેલ પહોંચાડવામાં આવતી હોવાનો વીડિયો વાયરલ થતા વનવિભાગ પણ હરકતમાં આવ્યું છે. ધારી પંથકમાં સિંહ શિકારની શોધમાં છાશવારે ગામમાં ઘૂસી આવતા હોય છે ત્યારે માલસિકા ગામ પાસે એક સિંહણ આરામથી મારણ કરી મિજબાની માણતી હોવાની જાણ વાહનચાલકોને થતા માર્ગ પર વાહનો થંભી ગયા હતા. જો કે અમુક વાહનચાલકો મારણ કરી રહેલી સિંહણ સામે હેડલાઈટનો પ્રકાશ ફેંકી સિંહણને ખલેલ પહોંચાડતા હોવાનું વીડિયોમાં સ્પષ્ટ દેખાઈ રહ્યુ છે. આ અંગે આરએફઓ જયોતિબેન વાજાએ જણાવ્યું હતું કે આ વીડિયો માલસિકા ગામ પાસેનો જ છે અને સિંહણની પજવણી કરવામાં આવતી હોવાનું સ્પષ્ટ દેખાય છે. ગાડીના નંબર વીડિયોમાં દેખાતા હોવાથી કારચાલકનો સંપર્ક કરી સિંહણની પજવણી કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આમ, સિંહણની પજવણી કરાવનો વીડિયો વાયરલ થતા સિંહપ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો છે.

**ગાડીના નંબર જોઈ વનવિભાગે કારચાલક અંગે તપાસ શરૂ કરી**

# સરકારના તઘલખી ફરમાન સામે રાજ્યની ૪૦ હજારથી વધારે પ્રી-સ્કૂલે હડતાલ પાડી વિરોધ કર્યો

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૩



રાજ્ય સરકારના આકરા નિયમો સામે રાજ્યના વિવિધ શહેરોમાં ચાલતી પ્રી-સ્કૂલોએ આજે હડતાળ કરી છે. તેના લીધે રાજ્યમાં લગભગ ૪૦ હજારથી વધારે પ્રી-સ્કૂલ આજના દિવસે બંધ રહી છે. પ્રી-સ્કૂલ સંચાલકોની દલીલ છે કે રાજ્ય સરકાર માની ન શકાય તેવા નિયમો લાવી રહી છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યના વિવિધ શહેરોમાં ચાલતી પ્રી-સ્કૂલ અંગે કડક નિયમોનો અમલ શરૂ કરવામાં આવ્યો છે, જેના વિરોધમાં પ્રી-સ્કૂલ સંચાલકો હડતાળ પર ઉતરી ગયા છે. વિરોધમાં આજે રાજ્યમાં લગભગ ૪૦ હજાર પ્રી-સ્કૂલ બંધ રહી છે. રાજ્ય સરકાર દ્વારા પ્રી-સ્કૂલ અંગે બનાવેલા નિયમોમાં પ્રી-સ્કૂલ ચલાવવા માટે ઓપરેટર પાસે બીયુ પરમિટ અને ૧૫ વર્ષનો રજિસ્ટર્ડ લીઝ એગ્રીમેન્ટ હોવો ફરજિયાત કરવામાં આવ્યો છે.


અઢી દાયકાથી લોકોમાં વિશ્વાસ જીતી સ્વાદનાં શોખીનો માટે વિશ્વસનીય તેલ....
૧૦૦% શુધ્ધ સીંગતેલ
બારે માસ ભરવાલાયક
11 ડબલ વન સીંગતેલ


શ્રી વિવેક ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ
લીલીયા રોડ, ત્રિમંદિર સામે, અમરેલી - ૩૬૫ ૬૦૧.
ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૩૯, ૨૨૦૨૬૦
હરેશભાઈ : ૯૮૭૯૫ ૯૮૨૯૩

સંજોગ ન્યૂઝની
ધમાકેદાર
વાર્ષિક લવાજમ યોજના
૧/૧૧/૨૦૨૪ થી ૩૧/૧૦/૨૦૨૫
એજન્સી માટે સંપર્ક કરો મો. ૮૧૬૦૨૦૧૬૪૩
સપ્તાહના સાતેય દિવસ અમરેલીમાંથી પ્રકાશિત થતુ એક માત્ર દૈનિક એટલે
સંજોગ ન્યૂઝ
માત્ર રૂપિયા ૬૯૯/-
માં મેળવો આખું વર્ષ અખબાર
સાથે સપ્તાહમાં બે દિવસ પૂર્તિનો રસથાળ
સંજોગ ન્યૂઝના વાર્ષિક લવાજમ યોજનાનો લાભ લેવા માટે તમારા શહેર અને ગામના એજન્ટોનો સંપર્ક કરવો

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર તેમજ ૧૨ પાસ
પગાર ધોરણ :
૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
નર્સિંગ સ્ટાફ (લેડીઝ)
(નાઈટ માટે) પગાર ધોરણ :
૯,૫૦૦/- થી ૧૨,૦૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

સમગ્ર સૌરાષ્ટ્રભરમાં પાણીના બોર માટેનું વિશ્વાસપાત્ર નામ

ટાઈગર બોરવેલના વધારે વિડીયો જોવા માટે YouTube ચેનલમાં TIGER BORWELL સબસ્ક્રાઈબ કરો
કુવાના આડા બોર
૩ ઈંચ થી ૪।।। - ૫૦૦ ફુટ સુધી કરાવવા માટે મળો
ટાઈગર TIGER BORWEL બોરવેલ
પિયુષભાઈ પટેલ મો.૯૮૨૫૨ ૧૨૬૭૪